RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 134 * Date: 4.03.2023, Tuesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### ભાજપ ધારાસભ્યના પુત્રના ઘરેથી મળ્યો 'ખજાનો'

## ૫૦૦ રૂ.ની નોટોના બંડલ જોઈ અધિકારીઓ પણ દંગ,૬ કરોડ રૂપિયાની રોકડ મળી આવતા ચકચાર મચી



બેંગ્લુરૂ,તા.૩

કર્ણાટકની રાજધાની બેંગલુરુમાં ભાજપના ધારાસભ્ય માદલ વિરુપક્ષપ્પાના પુત્રના ઘરેથી ૬ કરોડ રૂપિયાની રોકડ મળી આવી છે. દરોડા દરમિયાન લોકાયુક્તના અધિકારીઓને આ રોકડ મળી છે. લોકાયુક્ત અધિકારીઓએ પ્રશાંત માદલના નિવાસસ્થાને દરોડા પાડ્યા હતા. દરોડા દરમિયાન ઘરની અંદરનો નજારો જોઈને અધિકારીઓ પણ દંગ રહી ગયા હતા. ઘરના ખૂણામાં જ્યાં અધિકાર હાથ મૂકતા હતા ત્યાંથી નોટોના બંડલ નીકળતા હતા. લોકાયુક્તની ટીમે ગુરુવારે ૪૦ લાખની લાંચ લેતા પ્રશાંત માદલની ધરપકડ કરી હતી. તેની ધરપકડ બાદ હવે તેના ઘર પર દરોડા પાડવામાં આવ્યા છે. લોકાયુક્તની ટીમ હજુ પણ પ્રશાંતના ઘરે હાજર છે અને સર્ચ ઓપરેશન ચાલુ છે.

કર્ણાટકમાં આ વર્ષના અંતમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણી પહેલા ભાજપના ધારાસભ્યના પુત્રના ઘરેથી આટલી મોટી રકમ મળી આવતા ખળભળાટ મચી ગયો છે. લોકાયુક્તની ટીમે પ્રશાંતને તેની ઓફિસમાં રંગે હાથે પકડી લીધો હતો. આ પછી લોકાયુક્તની ટીમ તેના ઘરે પહોંચી અને શોધખોળ શરૂ કરી. થોડી જ વારમાં ઘરના ખૂણે ખૂણેથી નોટોના બંડલ આવવા લાગ્યા. રિપોર્ટ્સ અનુસાર, પ્રશાંતે ટેન્ડરની પ્રક્રિયામાં ટેન્ડર પાસ કરવા માટે કોઈની પાસેથી ૮૦ લાખ રૂપિયાની લાંચ માંગી હતી. આ પછી, તે તેની ઓફિસમાં ૪૦ લાખ રૂપિયા લેતા રંગે હાથ ઝડપાયો હતો. સમાચાર એવા પણ આવી રહ્યા છે કે લોકાયુક્તની ટીમ આ મામલે ભાજપના ધારાસભ્યની પણ પૂછપરછ કરી શકે છે.

પ્રશાંત લાંચ લેતા રંગે હાથ ઝડપાયા બાદ લોકાયુક્તની ટીમે તેની ધરપકડ કરી છે. સૂત્રોનું માનીએ તો પ્રશાંત એન્ટી કરપ્શન બ્યુરોમાં નાણાકીય સલાહકાર પણ રહી ચૂક્યા છે. ગુરુવારે, પ્રશાંતને રંગે હાથે પકડ્યા પછી, એક લોકાયુક્ત અધિકારીએ કહ્યું હતું કે તેમની ટીમે ધારાસભ્યના પુત્રની ઓફિસની તપાસ કરી હતી. ઓફિસમાંથી ૧.૭ કરોડની રોકડ મળી આવી હતી. અધિકારીએ કહ્યું હતું કે તેને શંકા છે કે પ્રશાંત તેના પિતાના નામે લોકો પાસેથી લાંચ લેતો હતો. અમે તેમની ઓફિસમાંથી મળેલા રૂપિયાની તપાસ કરી રહ્યા છીએ.

રિપોર્ટ્સ અનુસાર, ટેન્ડરની પ્રક્રિયામાં ટેન્ડર પાસ કરવા માટે ૮૦ લાખ રૂપિયાની લાંચ માંગી હતી. આ પછી, તે તેની ઓફિસમાં ૪૦ લાખ રૂપિયા લેતા રંગે હાથ ઝડપાયો હતો. સમાચાર એવા પણ આવી રહ્યા છે કે લોકાયુક્તની ટીમ આ મામલે ભાજપના ધારાસભ્યની પણ પૂછપરછ કરી શકે છે.

કર્ણાટકની રાજધાની બેંગલુરુમાં ભાજપના ધારાસભ્ય માદલ વિરુપક્ષપ્પાના પુત્રના ઘરેથી ૬ કરોડ રૂપિયાની રોકડ મળી આવી છે. દરોડા દરમિયાન લોકાયુક્તના અધિકારીઓને આ રોકડ મળી છે. લોકાયુક્ત અધિકારીઓએ શુક્રવારે પ્રશાંત માદલના નિવાસસ્થાને દરોડા પાડ્યા હતા. દરોડા દરમિયાન ઘરની અંદરનો નજારો જોઈને અધિકારીઓ પણ દંગ રહી ગયા હતા.

ઘરના ખૂણામાં જ્યાં અધિકાર હાથ મૂકતા હતા ત્યાંથી નોટોના બંડલ નીકળતા હતા. લોકાયુક્તની ટીમે ગુરુવારે ૪૦ લાખની લાંચ લેતા પ્રશાંત માદલની ધરપકડ કરી હતી. તેની ધરપકડ બાદ હવે તેના ઘર પર દરોડા પાડવામાં આવ્યા છે. લોકાયુક્તની ટીમ હજુ પણ પ્રશાંતના ઘરે હાજર છે અને સર્ચ ઓપરેશન ચાલુ છે.કર્ણાટકમાં આ વર્ષના અંતમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણી પહેલા ભાજપના ધારાસભ્યના પુત્રના ઘરેથી આટલી મોટી રકમ મળી આવતા ખળભળાટ મચી ગયો છે. લોકાયુક્તની ટીમે પ્રશાંતને તેની ઓફિસમાં રંગે હાથે પકડી લીધો હતો. આ પછી લોકાયુક્તની ટીમ તેના ઘરે પહોંચી અને શોધખોળ શરૂ કરી. થોડી જ વારમાં ઘરના ખૂણે ખૂણેથી નોટોના બંડલ આવવા લાગ્યા.રિપોર્ટ્સ અનુસાર, પ્રશાંતે ટેન્ડરની પ્રક્રિયામાં ટેન્ડર પાસ કરવા માટે કોઈની પાસેથી ૮૦ લાખ રૂપિયાની લાંચ માંગી હતી. આ પછી, તે તેની ઓફિસમાં ૪૦ લાખ રૂપિયા લેતા રંગે હાથ ઝડપાયો હતો. સમાચાર એવા પણ આવી રહ્યા છે કે લોકાયુક્તની ટીમ આ મામલે ભાજપના ધારાસભ્યની પણ પૂછપરછ કરી શકે છે.

પ્રશાંત લાંચ લેતા રંગે હાથ ઝડપાયા બાદ લોકાયુક્તની ટીમે તેની ધરપકડ કરી છે. સૂત્રોનું માનીએ તો પ્રશાંત એન્ટી કરપ્શન બ્યુરો માં નાણાકીય સલાહકાર પણ રહી ચૂક્યા છે. ગુરુવારે, પ્રશાંતને રંગે હાથે પકડ્યા પછી, એક લોકાયુક્ત અધિકારીએ કહ્યું હતું કે તેમની ટીમે ધારાસભ્યના પુત્રની ઓફિસની તપાસ કરી હતી. ઓફિસમાંથી ૧.૭ કરોડની રોકડ મળી આવી હતી. અધિકારીએ કહ્યું હતું કે તેને શંકા છે કે પ્રશાંત તેના પિતાના નામે લોકો પાસેથી લાંચ લેતો હતો. અમે તેમની ઓફિસમાંથી મળેલા રૂપિયાની તપાસ કરી રહ્યા છીએ.

પ્રશાંતના પિતા મદલ વીરૂપક્ષપ્પા કર્ણાટકના દાવણગેરે જિલ્લાના ચન્નાગિરીના ધારાસભ્ય છે. તેમણે કહ્યું- મને આ અંગે કોઈ જાણકારી નથી. આ અંગે મને જાણકારી મીડિયા દ્વારા મળી છે. આ અંગે મેં મારા દીકરા સાથે વાત કરી નથી, કેમ કે તે હવે લોકપાલની કસ્ટડીમાં છે. હું કોઈ ટેન્ડરમાં સામેલ નથી.કર્ણાટક ભાજપના ધારાસભ્ય મદલ વિરુપક્ષપ્પાએ મૈસૂર સેન્ડલ સાબુના નિર્માતા કર્ણાટક સોપ એન્ડ ડિટર્જન્ટ લિમિટેડના ચેરમેન પદેથી રાજીનામું આપ્યું છે.

ત્યાં જ, આ મામલે કર્ણાટકના સીએમ બસવરાજ બોમ્મઈનું પણ નિવેદન સામે આવ્યું છે. સીએમ બોમ્મઈએ કહ્યું કે, હવે બધું જ લોકાયુક્ત સામે છે, તેમની તરફથી સ્વતંત્ર અને ન્યાય સંગત તપાસ થવી જોઈએ. આ કોના રૂપિયા છે કોના માટે લાવવામાં આવ્યા છે, આ બધી વાતો સામે આવવી જોઈએ. સત્ય સામે આવવું જરૂરી છે, એટલે અમે લોકપાલને બનાવી છે. કોંગ્રેસના નેતા શું કહી રહ્યા છે, પહેલાં તેમને પૂછો કે કરપ્શનના આરોપમાં ફસાયેલાં તેમના અનેક મંત્રીઓ અને ધારાસભ્યને બચાવવા માટે છઝઅને બંધ કેમ કરી દેવામાં આવ્યાં. ૫ વર્ષ સુધી છઝઅને બંધ કેમ કરવામાં આવ્યા, હવે લોકપાલની તપાસ થઈ રહી છે, તેમના ગોટાળા પણ સામે આવશે, બધી જ બાબતોની તપાસ થવી જોઈએ, અમે સત્યની સાથે છીએ જેની પણ ભૂલ થશે તેને સજા ચોક્કસ મળશે.

## બિહારના મુખ્ય સચિવ અને પોલીસ મહાનિદેશકને તમિલનાડુ સરકારના અધિકારીઓ સાથે વાત કરવા જણાવ્યું છે : મુખ્યમંત્રી

પટણા,તા.૩

મુખ્યમંત્રીએ પોતાના સત્તાવાર ટ્વિટર એકાઉન્ટથી ટ્વીટ કરી તેની માહિતી આપતા લખ્યું છે કે મેં સમાચાર પત્રો દ્વારા તમિલનાડુમાં કામ કરી રહેલ બિહારના મજદુરો પર થઇ રહેલ હુમલાની માહિતી મળી છે.તેમણે આગળ લખ્યું છે કે મેં બિહારના મુખ્ય સચિવ અનો પોલીસ મહાનિદેશકને તમિલનાડુ સરકારના અધિકારીઓથી વાત કરી ત્યાં રહેતા બિહારના મજદુરોની સુરક્ષા સુનિશ્ચિત કરવાનો નિર્દેશ આપ્યા છે.

વાયરલ થઇ રહેલ અહેવાલો અનુસાર તમિલનાડુમાં બિહારના લોકોની સાથે મારપીટીની ઘટનાઓ થઇ રહી છે સ્થાનીક લોકોના ભયથી બિહારના લોકો કારખાનામાં કામ કરવા જઇ શકતા નથી તેમાં સૌથી વધુ મજદુર છે.તેઓ હવે તમિલનાડુ છોડી ગામ આવવા ઇચ્છે છે પરંતુ ટ્રેનોમાં ટિકિટ નહીં મળવાથી રૂમમાં કેદ થઇ રહે છે.ત્યાં રહેતા લોકો વીડિયો અને ફોટો મોકલી ઘટનાની માહિતી આપી રહ્યાં છે.

બીજુ બાજુ તમિલનાડુના મહાનિદેશકે કેટલાક સમાચાર પત્રો તથા અન્ય માધ્યમોથી પ્રકાશિત તે અહેવાલોને ફગાવી દીધો છે કે તમિલનાડુ રાજયમાં પ્રવાસી હિન્દી ભાષી શ્રમિકો તથા કામકાજી લોકો પર હુમલા કરવામાં આવી રહ્યાં છે.સ્થાનીક લોકો દ્વારા મારપીટ કરવામાં આવી રહી છે.

તમિલનાડુના ત્રિપુરમાં રહેતા લોકોએ જણાવ્યું હતું કે ઉત્તર ભારત અને બિહારના વિવિધ જીલ્લામાં મોટી સંખ્યામાં અહીં લોકો કામ કરે છે આ દરમિયાન આ મામલાને લઇ વિધાનસભાના બજેટ સત્ર દરમિયાન ભાજપના સભ્યોએ જોરદાર હંગામો કર્યો અને ગૃહથી વોકઆઉટ કર્યું વિરોધ પક્ષના નેતા વિજયકુમાર સિન્હાએ કહ્યું કે તમિલનાડુની અંદર જે રીતે બિહારી લોકોની સાથે થઇ રહેલ મારપિટ દુર્ભાગ્યપૂર્ણ છે.જો કે આમ છતાં બિહારના મુખ્યમંત્રી તેના પર ચુપકીદી સેવી રહ્યાં છે.તેમણે કહ્યું કે સૌથી મોટી વાત એ છે કે સંસદીય કાર્ય મંત્રી અને નાયબ મુખ્યમંત્રી બંન્ને ગૃહોની અંદર આવ્યા પણ નથી તેને લઇ જયારે અમે લોકોએ ગૃહમાં જવાબ માંગ્યો તો કોઇ જવાબ આપવા તૈયાર પણ ન હતાં.

## હવે ઓસ્ટ્રેલિયામાં પણ ભારતની ડિગ્રી માન્ય ગણવામાં આવશે

નવીદિલ્હી,તા.૩

ભારતમાં યુનિવર્સિટીમાંથી અભ્યાસ કર્યા પછી ડિગ્રી લઈ રહ્યા છો. પરંતુ તે પછી ઓસ્ટ્રેલિયા જવાનો પ્લાન છે. ત્યાં જઈને કોઈ કામ કરવું પડશે. તેથી કોઈ અલગ કોર્સ કરવાની જરૂર રહેશે નહીં. કારણ કે હવે ભારતીય યુનિવર્સિટીમાંથી લીધેલી યુજી પીજી ડિગ્રી ઓસ્ટ્રેલિયામાં પણ માન્ય રહેશે. આ માટે ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે એક કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. આ અંતર્ગત ભારતીય પ્રોફેશનલ્સ માટે ઓસ્ટ્રેલિયામાં નોકરી મેળવવાનો માર્ગ સરળ બનાવવામાં આવ્યો છે.

બંને દેશોએ શૈક્ષણિક લાયકાતની પરસ્પર માન્યતા માટે એમઓયુ પર હસ્તાક્ષર કર્યા છે. અત્યાર સુધી ભારતની ડિગ્રી ઓસ્ટ્રેલિયામાં માન્ય ન હતી. આ કરાર હેઠળ ઓસ્ટ્રેલિયાની ડિગ્રી ભારતમાં પણ માન્ય રહેશે. બંને દેશો એકબીજાની ડિગ્રીને માન્યતા આપશે. પરંતુ એન્જીનીયરીંગ, મેડીકલ અને કાયદાની ડીગ્રી ધરાવતા પ્રોફેશનલ્સને હાલ આ સુવિધા મળી શકશે નહી.એન્જિનિયરિંગ, મેડિકલ અને લો સિવાય, અન્ય તમામ યુજી અને પીજી ડિગ્રી કોર્સને આ ડીલનો લાભ મળશે. ધ્યાનમાં રાખવાની વાત એ છે કે તમારી ડિગ્રી યુજીસી માન્ય સંસ્થામાંથી હોવી જોઈએ. જો કે હજુ સુધી આ અંગે વિસ્તૃત માહિતી આવી નથી. યુજીસીના અધ્યક્ષ જગદીશ કુમારે જણાવ્યું હતું કે, "ભારતીય ઉચ્ચ શિક્ષણ પ્રણાલીમાં કેવી રીતે સુધારાઓ લાગુ કરવામાં આવે છે તે અંગે અમે વિગતવાર ચર્ચા કરી હતી. અમે ભારતમાં વિદેશી યુનિવર્સિટી કેમ્પસ પર યુજીસીના ડ્રાફ્ટ નિયમોની પણ ચર્ચા કરી. અમે સંમત થયા કે આ નિયમો ભારત અને ઓસ્ટ્રેલિયાને સાથે મળીને કામ કરવાની મોટી તક પૂરી પાડે છે.

## ૨૦૨૪માં અમે સત્તામાં આવીશું તો ગેસના સિલેન્ડરના ભાવ ૫૦૦ રૂપિયાથી વધુ નહીં હોય : કોંગ્રેસ

### અમે રાજસ્થાનમાં આમ કરી શકીએ છીએ તો દેશમાં આવું કેમ ન કરી શકે : ગૌરવ વલ્લભ

નવીદિલ્હી,તા.૩

હોળી પહેલા રસોઇ ગેસના ભાવમાં વધારાને લઇ કોંગ્રેસે મોદી સરકાર પર પ્રહારો કરતા દાવો કર્યો છે કે ૨૦૨૪માં જો સત્તામાં આવશે તો ગેસ સિલેન્ડરની કીમત ૫૦૦થી વધુ થવા દઇશું નહીં કોંગ્રેસના પ્રવકતા ગૌરવ વલ્લભે કેન્દ્ર સરકાર પર પ્રહારો કરતા કહ્યું કે મિત્રાકાળમાં મોદી સરકાર બેરહમ થઇ ગઇ છે મોદી સરકાર.રસોઇ ગેસ ૧૧૦૦ તો કર્મશિયલ સિલેન્ડ ૨૧૦૦ને પાર,પોતાના મિત્રો પર ખુબ વરસાવ્યો પ્રેમ અને દેશની જનતા કરે મોંધવારીથી હાહાકાર.

ગૌરવ વલ્લભે કટાક્ષ કરતાં કહ્યું કે કેન્દ્રની મોદી સરકારે જનતાને હોળીની બરોબર પહેલા મોંધવારીની ભેટ આપી છે.વડાપ્રધાન મોદી ઇચ્છતા નથી કે સામાન્ય જનતા હોળી પર પોતાની રસોઇમાં કંઇ નવું ભોજન બનાવે.તે એ પણ ઇચ્છતી નથી કે તે બહારથી ખરીદી લે.તેમણે કહ્યું કે ઘરેલુ સિલેન્ડર પર મોદી સરકાર ૫ ટકા જીએસટી પણ લે છે.જયારે કોમર્શિયલ સિલેન્ડર ઉપર ૧૮ ટકા જીએસટી લે છે.ગૌરવ વલ્લભે કહ્યું કે જો તમે બહારથી મિઠાઇ લેશો તો તે મોંધી પડશે કારણ કે કોર્મશિયલ સિલેન્ડર પર પણ જીએસટી ૧૮ ટકા છે તો મોદી જી ઇચ્છે છે કે ન તો તમે મીઠાઇ ખાવ અને તો નમકીન ખાવ,ન દુધ પીવો પરંતુ કહો થેંકયુ મોદીજી

ગૌરવ વલ્લભે સવાલ કર્યો કો રસોઇ ગેસનનું સિલેન્ડર ૨૦૧૪માં જે ૫૦૦ની અંદર હતો તે ૧૧૦૦ની પાર કેવી રહી તે ૧૧૦૦ની પાર કેવી રીતે પહોંચી ગયો પેટ્રોલિયમ મંત્રાલય દ્વારા બનાવવામાં આવેલ ટેબલ અનુસાર ૨૦૦૪-૨૦૦૫થી લઇ ૨૦૧૩-૨૦૧૪ની વચ્ચે સિલેન્ડર પર સબસીડી ૨ લાખ ૧૪ હજાર કરોડ ભારત સરકારે(કોંગ્રેસ) આપી.કોંગ્રેસે ૧૦ વર્ષમાં ૨ લાખ ૧૪ હજાર કરોડ સબસીડી એટલા માટે આપી જેથી રસોઇ ગેસના ભાવ ૫૦૦ની બહાર ન જાય ગૌરવે કહ્યું કે તે સમયે જે ગેસ બહારથી અમે મંગાવતા હતાં તે દરમિયાન કીમતો આજથી વધુ હતી પરંતુ તેને અમે ૫૦૦ની બહાર જવા દીધા ન હતાં.

જયારે મોદી સરકારે ગત ૯ વર્ષોમાં ૩૬ હજાર ૫૦૦ કરોડ રૂપિયા સબસીડી આપી છે કોંગ્રેસના પ્રવકતાએ કહ્યું કે જયારે સવાલ પુછવામાં આવે છો તે કહે છે કે સિલેન્ડર લો ગેસ ભરાવો ઉજજવલા યોજના છે પરંતુ ઉજજવલા યોજનામાં બીજુ સિલેન્ડર ભરાવીએ તો કેવી રીતે ભરાવીએ

ગૌરવ વલ્લભે કહ્યું કે રાજસ્થાનમાં કોંગ્રેસ પાર્ટીની ગહલોત સરકાર ગેસ સિલેન્ડર ૫૦૦થી ઓછી કીમતમાં આપી રહી છે અમારી માંગ છે કે રસોઇ ગેસની કીંમત દેશભરમાં ૫૦૦ રૂપિયાથી ઓછી કરવામાં આવે જો આ કીમત ૫૦૦ રૂપિયાથી વધુ થાય તો આ જીડીપી વૃધ્ધિ માટે યોગ્ય રહેશે નહીં જયારે એ પુછવા પર કે જો ૨૦૨૪ની લોકસભા ચુંટણીમાં કોંગ્રેસ જીતે અને તેમની સરકાર બનશે તો શું ઘરેલુ રસોઇ ગેસ સિલેન્ડરની કીમત ૫૦૦ રૂપિયાથી ઓછી કરવામાં આવશે તો ગૌરવ વલ્લભે કહ્યું કે જયારે અમે રાજસ્થાનમાં આમ કરી શકીએ છીએ તો દેશમાં આમ કેમ ન કરી શકીએ.તેમણે કહ્યું કે અમે પ્રણ લઇએ છીએ કે ૨૦૨૪માં જો અમારી સરકાર બનશે તો ઘરેલુ ગેસ સિલેન્ડરની કીંમત ૫૦૦ રૂપિયાથી વધુ હશે નહીં

## ભાજપના દિગ્ગજ નેતાઓ મનીષ સિસોદિયાને ઈમાનદાર બતાવ્યા

શિમલા,તા.૩

ભાજપના વરિષ્ઠ નેતા અને હિમાચલ પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી શાંતાકુમારે ભ્રષ્ટ્રાચારના આરોપોમાં ઘેરાયેલા આમ આદમી પાર્ટી(આપ)ના નેતા મનીષ સિસોદિયાની સાફ સુથરી તસવીર માટે પ્રશંસા કરી પરંતુ આ સાથે જ કહ્યું કે સંભવ છે કે તેમણે પાર્ટી અને ચુંટણી માટે પૈસા એકત્રિત કરવામાં હકીકતમાં આ બધુ કર્યું હોય સીબીઆઇએ ૨૦૨૧-૨૨ માટે શરાબ નીતિ બનાવવા અને તેને લાગુ કરવામાં કહેવાતી ભ્રષ્ટ્રાચારને લઇ સિસોદિયાની રવિવારે સાંજે ધરપકડ કરવામાં આવી હતી હાલ તેઓ કસ્ટડીમાં છે.આ નીતિ હવે રદ કરવામાં આવી ચુકી છે.

પોતાની ટીપ્પણીથી પાર્ટી માટે અસહજ સ્થિતિ પેદા કરનારા શાંતાકુમારે કહ્યું કે આપે કેન્દ્ર સરકારની નાકની નીચે દિલ્હીમાં ભાજપને હરાવી સરકાર બનાવી હતી.તેમણે કહ્યું કે આપ સરકારે પાંચ વર્ષ સુધી કામ કર્યું અને ફરી સત્તામાં વાપસી કરી.જે એક મોટી ઉપલબ્ધિ છે.ફેસબુક પર પોસ્ટ કરવામાં આવેલા એક નિવેદન અનુસાર ભાજપ નેતાએ કહ્યું કે સિસોદિયાએ એક સાફ સુથરી તસવીર વાળા નાયબ મુખ્યમંત્રીના રૂપમાં લોકપ્રિયતા હાંસલ કરી જેમણે પ્રશંસનીય કામ કર્યું અને તે હવે જેલમાં છે.

શાંતાકુમારે કહ્યું કે બંન્ને તરફથી આરોપ પ્રત્યારોપ થતા રહે છે તેમણે કહ્યું કે તેની કલ્પના કરવી મુશ્કેલ છે કે કોઇ અપરાધ વિના જ સીબીઆઇએ મનિષ સિસોદિયાને જેલમાં નાખ્યા હશે તેમણે કહ્યું કે એવું પ્રતીત થાય છે કે સિસોદિયા વ્યક્તિગત રીતે એક ઈમાનદાર વ્યક્તિ છે.પરંતુ બની શકે છે કે તેમણે પાર્ટી અને ચુંટણી માટે પૈસા એકત્રિત કરવા માટે આ બધુ કર્યું હોય.કુમારે કહ્યું કે મારા વિચારથી આ સાચુ છે અને જો આ સાચુ છે તો દેશે ખુબ ગંભીરતાથી કેટલાક નવા નિર્ણય કરવા પડશે

તેમણે દાવો કર્યો કે રાજનીતિક પાર્ટીઓ મોટા મોટા વેપારીઓથી નાણાં લે છે અને સત્તા હાસલ કરવા પર સરકારની મદદથી ભ્રષ્ટ્રાચાર દ્વારા આ પૈસાની ભરપાઇ કરે છે.તેમણે આરોપ લગાવ્યો કે ચુંટણી જીત્યા બાદ વિજેતા ઉમેદવાર ચુંટણી પંચની પાસે ચુંટણીમાં ખર્ચ થવાના ખોટા હિસાબો રજુ કરે છે.તેમણે કહ્યું કે જે દેશનું લોકતંત્ર કાળા નાણાં અને જુઠ્ઠાણાથી શરૂ થાય છે તે દેશમાં બધુ સારૂ કેવી રીતે થઇ શકે છે.

## તંત્રી સ્થાનેથી...

# પૂર્વોત્તરથી ભાજપ અને વિપક્ષ માટે સંદેશ

પૂર્વોત્તરનાં ત્રણ રાજ્યો ત્રિપુરા, નાગાલેન્ડ અને મેઘાલય વિધાનસભા ચૂંટણીઓનાં પરિણામો આવી ગયાં છે. ભારતીય જનતા પાર્ટી ત્રિપુરામાં સતત બીજી વખત સત્તામાં આવી છે. નાગાલેન્ડમાં ભાજપે નેશનલ ડેમોક્રેટિક પ્રોગ્રેસિવ પાર્ટી (એનડીપીપી) સાથે મળીને જીત હાંસલ કરી છે. હા, મેઘાલયમાં ભાજપને એટલી સફળતા નથી મળી, જેટલી તેને આશા હતી. પૂર્વોત્તરની આ ત્રણ બહેનોએ પોતાના જાનદેશમાં ભાજપને મિશ્ર ખુશી આપી છે. જ્યાં ત્રિપુરામાં કોંગ્રેસ અને લેફ્ટ ગઠબંધનની સાથે સાથે ટિપરા મોથા પાર્ટી સાથે આકરી ટક્કર બાદ પણ જીત મળી છે. ત્યાં જ નાગાલેન્ડની જીત તેના માટે સોના પર સુહાગા જેવી રહી. કોંગ્રેસ માટે આ ત્રણેય રાજ્યોમાં અસફળતા જ હાથમાં આવી છે. આગામી વર્ષે લોકસભા ચૂંટણી થવાની છે ત્યારે પૂર્વોત્તરનાં આ પરિણામોથી ભાજપ ચોક્કસ રાહત અનુભવ કરી રહી હશે.

આ ત્રણ રાજ્યોનાં ચૂંટણી પરિણામોએ એ ઈશારો ચોક્કસ કર્યો છે કે પૂર્વોત્તરનાં રાજ્યોમાં ભાજપની પકડ મજબૂત થઈ છે. કોંગ્રેસ અને લેફ્ટનો આ રાજ્યોમાં ક્યારેક દબદબો રહેતો હતો, તે હવે ખતમ થઈ ગયો છે. નાગાલેન્ડ અને ત્રિપુરામાં ભાજપ મજબૂત સ્થિતિમાં દેખાઈ રહી છે. બીજી તરફ મેઘાલયમાં તેનું પ્રદર્શન ખરાબ જરૂર રહ્યું, પરંતુ તેને લગભગ ૧૦ ટકાની આસપાસ મત મળ્યા છે. નાગાલેન્ડમાં પાર્ટીને લગભગ ૧૯ ટકા મત મળ્યા, જ્યારે ત્રિપુરામાં લગભગ ૪૦ ટકા મતો મળ્યા હોવાનું જોવા મળે છે. આ પરિણામોથી એ પણ દેખાઈ રહ્યું છે કે ભાજપનો વિકાસનો મુદ્દો અહીં ચાલી ગયો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ પોતાની ચૂંટણી રેલીઓમાં પૂર્વોત્તરમાં વિકાસનો દાવ ચાલ્યો હતો. જોકે લોકસભા ચૂંટણીઓ માટે આ રાજ્યોથી વધુ સાંસદો નથી ચૂંટાતા, પરંતુ મિશન ૨૦૨૪ પહેલાં ભાજપને એક મજબૂતી ચોક્કસ મળી ગઈ છે.

ત્રિપુરામાં ભાજપને માત આપવા માટે લેફ્ટ અને કોંગ્રેસે ગઠબંધન કરી લીધું હતું. અહીં એ ધ્યાન આપવાની વાત છે કે કેરળમાં આ બંને પાર્ટીઓ એકબીજા વિરુદ્ધ ચૂંટણી લડે છે! કેરળમાં ડાબેરી મોરચાએ કોંગ્રેસને હરાવીને જ સતત બીજી વખત સત્તા મેળવી હતી. એમ પણ રાજકારણમાં કોઈ સ્થાયી દોસ્ત કે દુશ્મન નથી હોતું, પરંતુ આ કજોડું જરા સગવડિયું લાગે છે. કોંગ્રેસ અને લેફ્ટે પણ ત્રિપુરામાં આ જ રીતે કજોડું રચી લીધું. એટલું જ નહીં, ભાજપને એક સ્થાનિક પક્ષ ટિપરામોથા પાર્ટીથી પણ આકરી ટક્કર મળી. પરંતુ ભાજપે મજબૂત પ્રચાર અને બહેતર રણનીતિ સાથે ત્રિપુરામાં ફરીથી વાપસી કરી લીધી છે. આ જીત બાદ ભાજપનો જોશ હાઈ હશે. કારણ કે ૨૦૨૪ની ચૂંટણી માટે વિપક્ષ જ્યાં આખા દેશમાં ભાજપ વિરુદ્ધ ગઠબંધનની તૈયારી કરી રહ્યો છે, ત્યારે ભાજપે ત્રિપુરામાં કોંગ્રેસ-લેફ્ટ ગઠબંધનને ધોબીપછાડ આપી છે.માનવામાં આવતું હતું કે ત્રિપુરામાં લેફ્ટ એ કોંગ્રેસ ગઠબંધન ભાજપને સત્તાથી દૂર કરી શકે છે. પરંતુ પરિણામો જોઈએ તો કહાની કંઈક અલગ જ ચાલી રહી છે. રાષ્ટ્રીય સ્તરે ભાજપ વિરુદ્ધ ગઠબંધનની તૈયારીમાં જોડાયેલા વિપક્ષ માટે હવે નવેસરથી રણનીતિ ઘડવાનો વારો આવ્યો છે. ત્યાં જ, ભાજપ અહીંની જીતને હવે રાષ્ટ્રીય સ્તર પર લઈ જવાની તૈયારીમાં પડી જશે.

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ ભારત જોડો યાત્રા દ્વારા દેશમાં એક માહોલ ઊભો કરવાની કોશિશ કરી હતી. પરંતુ ચૂંટણી ધરાતલ પર તેની ક્યાંય કશી અસર જોવા મળી નથી. ક્યારેક કોંગ્રેસના ગઢ રહેલા પૂર્વોત્તરમાં હવે દેશની આ સૌથી જૂની પાર્ટીની હાલત ખસ્તા થઈ ગઈ છે. પાર્ટીને ત્રિપુરામાં માત્ર ૯ ટકા વોટ મળતા દેખાય છે. મેઘાલમાં કોંગ્રેસને ૧૪ ટકા મતો અને નાગાલેન્ડમાં તો ફક્ત ૪ ટકા વોટ જ મળતા દેખાઈ રહ્યા છે. આ તરફ ભાજપ આ જીતને રાહુલ અને કોંગ્રેસ વિરુદ્ધ લોકોની વચ્ચે લઈને જશે. ૨૦૨૩માં જ પાર્ટીને મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, રાજસ્થાન અને કર્ણાટક વિધાનસભા ચૂંટણીઓમાં ઉતરવાનું છે. આ ચૂંટણીઓમાં હવે પાર્ટીએ વધારે મહેનત કરવી પડશે અને નવી રણનીતિ અપનાવી પડશે, કારણ કે છત્તીસગઢ અને રાજસ્થાનમાં પાર્ટીએ સત્તાવિરોધી લહેર સામે પણ ઝઝૂમવાનું છે.

## કરી લેજો

શક્ય હોય તો આટલું તો સ્પષ્ટ કરી લેજો
તેમ શક્ય ન હોય તો તે સ્પષ્ટ કરી લેજો.
મરણોત્તર બાદની અંજલિમાં શું બોલશો?
વખાણ કે ટીકાના બોલ સ્પષ્ટ કરી લેજો.
આખી જિંદગી ખંજર લઈ સતત વાર કર્યા,
ઘા કરવો કે મલમપટ્ટો તે પ્રગટ કરી લેજો.
તીન પતી રમવામાં મહારત હાંસલ કરી છે,
લાલની દુરી કે જોકર ચરકટ તણો નક્કી કરી લેજો.
રામરાવણનું યુધ્ધ છેડાઈ ગયું,સવાલ છે કે,
કુંભકર્ણ-કે વિભીષણ થવું ઝટપટ તય કરી લેજો.

ભરત વૈષ્ણવ
૩.૩.૨૦૨૧

# ગુજરાતમાં કમોસમી વરસાદ અને ગરમીનું એકસાથે આગમન

અમદાવાદ,તા.૩

ગુજરાતમાં માવઠાની આગાહી વચ્ચે ગરમીના પ્રભુત્વમાં સતત વધારો થઇ રહ્યો છે. આજે ૯ શહેરમાં ગરમીનો પારો ૩૭ ડિગ્રીને પાર થયો હતો. જેમાં ૩૮.૬ ડિગ્રી સાથે સુરતમાં સૌથી વધારે ગરમી નોંધાઈ હતી.

હવામાન વિભાગની આગાહી અનુસાર રાજસ્થાનમાં સર્જાઇ રહેલા સાયક્લોનિક સર્ક્યુલેશનને પગલે ગુજરાતના અનેક સ્થળોએ શનિવારથી ૩ દિવસ વાતાવરણમાં પલટો આવી શકે છે. શનિવારે દાહોદ-વડોદરા-છોટા ઉદેપુર-ગીર સોમનાથ-કચ્છ, રવિવારે આણંદ-વડોદરા-થોટા ઉદેપુર-અમરેલી-ભાવનગર-કચ્છ જ્યારે સોમવારે સુરત-વલસાડ-નવસારી-દમણ-ગીર સોમનાથ-અમરેલી-ભાવનગરમાં હળવો વરસાદ પડી શકે છે.

# કૂતરૂ નહીં પણ હડકાયું કૂતરૂં કરડશે તો જ રજા મંજૂર થશે હડકાયેલ અધિકારીનું અલ્ટિમેટમ!!!

રજા આપણા જીવનનું અભિન્ન( નોકરી દરમિયાન ખાસ ) અંગ છે. શરીરમાં શીરા અને ધમની મારફતે રુધિરાભિસરણ થાય છે તેમ રજા મારફત મજાભિસરણ થાય છે. શ્લોચ્છવાસ જેવી જ રજા-ફરજ એક અનિવાર્ય અને અત્યાવશ્યક પ્રક્રિયા છે!!( આવું બધુ લખવાથી હાસ્ય લેખક ગંભીર ચિંતન કરી શકે છે એવી છાપ ઉભી થાય છે, ડયુડ!!)કેટલાક રજા પ્રેમીંઓ કેલેન્ડરમાં રજાના દિવસો કે તારીખ પર લાલ પેનથી કુંડાળા ( કેટલીક મહિલાઓ પણ મેન્સીસના દિવસો માટે કેલેન્ડરમા લાલ કુંડાળા કરે છે!!) કરે છે. કેટલીકવાર અલગ અલગ રજાઓ વચ્ચે વર્કિંગ ડે હોય છે.( કામ ન કરવુ હોય અને માટે તો વર્કિંગ ડે પણ હોલી ડે છે!! એ વાત અલગ છે!! રજામય સબ જગ જાની કરહું પ્રણામ જોરી નિત જાની એમ તુલસીદાસ કહી ગયા છે!! જેનો કોઇ વિરોધ નથી. નરસિંહ મહેતા તો કહી ગયા છે કે રજા તત્વ ચિન્યો નહીં ત્યાં સુધી સર્વ ચાકરી જૂઠી!!)

આપણે રજાપ્રિય પ્રજા છીએ. જો આજના સમયે બાલ ગંગાધર તિલકે હાકલ કરવાની હોય તો તિલક મહારાજ બુલંદ અવાજે સાગર જેવી ગર્જના કરે "રજા એ મારો કર્મચારી સિધ્ધ હક્ક છે અને તે મેળવીને જંપીશ.!!! "મહાત્મા ગાંધીજી પણ "કાગડા કૂતરાંના મોતે મરીશ પણ રજા મેળવ્યા વિના પરત ફરીશ નહીં "એવો સંકલ્પ કર્યો હોત તેમ અવળચંડો રાજુ રદી કહે છે!! આજના સમયમાં આઝાદી સમયનું ડુ ઓર ડાઇ સ્લોગન" રજા લો અથવા બંક મારો"માં રૂપાંતરિત થયું હોત!! જવાહરલાલ નહેરુંએ પણ કહ્યું હોત "મને રજાના કારણોમાં નહીં પણ રજામાં રસ છે. કેમ કે, કામ હરામ હૈ અને આરામ તમામ હૈ!!"

ઘણા લોકો કામગરા હોય છે. તદન બોચિયા. સાવ વેદિયા. કીડીઓ પગ વાળીને બેસતી નથી( કીડીઓને પગ કેટલા બધા હોય. પગ વાળવા બેસે તો કદાચ સંતુલન ગુમાવીને ગબડી પડે!!) કીડી સતત કામ કરે છે. કદાચ દિવસના ચોવીસ કલાકમાંથી બાવીસ કલાક કામ કરતી હશે પણ કામ કરવાનો પબ્લિસિટી ઢોલ કે નગારા પીટતી નથી. કીડીની વાતમાં પણ તેનો ઉલ્લેખ કરતી નથી.!!! સામે પક્ષે કીડીની રાણી પોદળા જેવી હોય છે. કીડીની રાણી આરામ ફરમાવવાનું કામ કરે છે!!! કામગરા લોકોને રજા ગમતી નથી. એક બે રજામાં ઘરે રહી કંટાળી જાય છે. રજા પૂરી થાય કે તરત કામે ચડવાની તાલાવેલી હોય છે. કદાચ બોચિયા કામ સાથે પરણ્યા ન હોય!!

ઓફિસમાં બે કલાક મોડા પડીએ તો આંગળીના વેઢા ગણી શકાય તેટલા બહાના ઉપલબ્ધ છે!! મહેમાન આવ્યા-ગળે ઉતરે તેવું બહાનું. ગાડીમાં પંકચર પડ્યું. મહિનામાં નવ નવ વાર પંકચર પડે તો ટાયર બદલ ભીડું!! બેકનું કામ,વીમાનું પ્રીમિયમ , સનની સ્કૂલમાં પેરેન્ટ બેઠક -કેટલા બહાના. એક ઢૂંઢો હજાર મિલે!!

સ્ટોલન કિસીસ આર ઓલ્વેઈઝ સ્વીટ એવું કોઇ નકામો રોમેન્ટિક નકામો કવિ કહી ગયો હશે!! કોલેજીયનોએ તેને બંક જોડે જોડી દીધું !! કોલેજ ભણવા માટે થોડી છે?? મજજો કરવા માટે છે. પીરીયડમાં ગાપચી મારો. કેન્ટિનમાં ચા-કોફી -સિગારેટ-સેન્ડવિચ- રૂપાળી રાધાઓની મખમલી સુંવાળી કંપની એન્જોય કરો. કોલેજ કર્યા પછી જીંદગીભર નોકરો કે ધંધો કરવાનો છે જ!! આજનો લ્હાવો લીજીયે કલ કિસને દેખા હૈ!! દમ મારો દમ. !!

ખાનગી કે સરકારી નોકરીમાં ગધેડાં જેટલું કામ કરો . પરંતુ,તમે રજાની માંગણી કરો એટલે તમારા સિનિયરનો તમારો રવૈયો બદલાઇ જાય. સિનિયરના પરમ પૂજય પિતાશ્રીનો વધ તમારા હાથે થયો હોય એવી રીતે તમે રજા માંગો એટલે એ ઓવર રીએકટ કરે!!એક રજામાં કોઇનું રાજ રંડાઇ ન જાય. સિનિયર તરીકે ગ્રેસ અને નોબેલીટી હોવી જોઇએ. કોઇ પોતાની જરૂરત હોય અને રજા માંગે તો સસ્મિત વદને રજા મંજૂર કરો. તમારો જુનિયર તમારી પીઠ પાછળ પણ તમારા વખાણ કરવા જખ મારીને મજબુર થઇ જશે.પરંતુ તમે હિટલર કે ચંગીઝખાન થવાનો વિકલ્પ પસંદ કરો છો!! કોઇ બાપડાના લાડલાનો જન્મ દિવસ છે. ફેમિલી સાથે ડિનરનો કાર્યક્રમ નક્કી કર્યો હોય. ઓફિસ અવર પહેલાં અડધો કલાક વહેલો જવા કરગરે. ત્યારે મુસોલિની માફક પેલા માણસને રાત્રિના દસ વાગ્યા સુધી અકારણ રોકી રાખીને તેના પોગ્રામ પર પાણી ફેરવવું એ બોસપણું નથી. તમને બોસ તરીકે આવું કરવાનો અધિકાર મળતો નથી!!

જયારે રજાઓ વચ્ચે વર્કિંગ ડે આવતા હોય ત્યારે કેટલાક ઉત્સાહી રજાજીવીઓ ( કેમ કૂતરાંની જેમ કાન ચમકે છે. અમે કામજીવી કે આંદોલનજીવીની વાત કરતા નથી ભકતો!!!) બે રજાઓ વચ્ચે પરચૂરણ, માંદગી , મરજીયાત, વળતર રજાનો ઝૂલતો પુલ ( રજાના ઝૂલતા પુલની જાળવણી કરવી પડતી નથી એટલે તે તૂટતા નથી, બરખુદાર જયેશભાઇ પટેલ !!) બનાવે છે. આને સકલાની ભાષામાં ખાલા પૂરવા કહે છે.કેટલાકને અઠવાડિયાના છ દિવસ કામ કરવાના રીતસરના ઝાટકા લાગે છે, બોલો!!

તમે એ માર્ક કર્યું હશે કે રજાની આંગળના વર્કિંગ ડે ની સાંજે બકાના ચહેરા પર મનોજ ખંડેરિયાની ગઝલ જેવા ગલગલિયા હોય તમારા ( અહીં રજા સિવાય કાંઇ આડું અવળું વિચારવું નહીં. આડું અવળું કરવામાં દેશની પથારી ફેરવીને ૧૩૫ કરોડની વસ્તી કરી નાંખી !!)અહીં આજ પગલા થવાના ચમનમાં બધાને ખબર થઇ ગઇ છે. ઉઠાવી છે ફાઇલો બધાને બલ્લે બલ્લે થઇ ગઇ છે. કુંવારો સફળ લગ્નજીવનના (ગિરધરલાલ, આજે જોલી મુડમાં છો કે રાતનો હેંગ ઓવર છે? લગ્ન જીવન અને એ પણ સફળ? વોટ એ જોક!??!!) ફાયદા વર્ણવે તેવો ઉત્સાહ રજાના આંગળના દિવસે હોય છે. રજાના દિવસો પૂરા થાય અને જે દિવસે ડયુટી રીઝયુમ કરવાની હોય એ સવાર અર્જુન વિષાદયોગથી રતિભાર કમ હોતી નથી. મરઘા કે ઢોરને કસાઇવાડે જવા જેવી કરૂણતમ ફિલિંગ હોય છે!!!

રજાના કારણોની શું જરૂર છે!? સરકારના નિયમો મુજબ રજા નામંજૂર કરી શકાત પણ બાબુઓને રજાનો પ્રકાર બદલવા દબાણ ન કરી શકાય. આમાં એવું છે કે નવ દસ વાર દાદી કે કાકી મરી જાય, પંદરવાર ફોઇનો પગ ભાંગે, આઠેકવાર એકની એક મામીનું સિમંત હોય, કારમાં અઠાવન વાર પંકચર પડે, ત્રેસઠ વાર વિધવા માશીને પ્રસુતિ આવે. આ પ્રકારની ઘટના કુદરતી છે, સાહજિક અને પ્રાયોગિક છે, સાંયોગિક છે. આવું કાંઇ ષડયંત્ર રચી ન શકાય!!! મારા રજાના હિસાબમાં રજા જમા હોય તો રજા મંજૂર કરવામાં કોઇને ચુંક શા માટે આવવી જોઇએ??

કર્મચારી આલમમાં ૧૨ પરચૂરણ રજા, બે મરજિયાત રજા, છ મહીને પંદર હકક રજા( કર્મચારી તમામ રજા-પ્રકાર ગમે તેવો હોય પણ રજાને હક્ક રજા જ ગણે છે!!), દર છ મહીને દસ માંદગીની રજા, નેવું દિવસની ખાસ રજા, પ્રસુતિ રજા( લાગુ ન પડે તેમણે માંગણી કરવી નહીં!) , પિતૃદેવ રજા ( સંતાનને પૃથ્વી પર લાવવું એ પણ પરાક્રમ છે. વાસ્તવમાં તેનું નામ પરાક્રમ કે પત્યૌધમ રજા રાખવું જોઇએ!!) મળે છે જીએલ એટલે ગાપચી લીવની રજાની સંખ્યા મુકરર કરવામાં આવી નથી. અનુકૂળતા, ઉપરી સાથેના સંબંધો, પોલ્સનના આધારે ગાપચીલીવની સંખ્યા મંજૂર થાય છે!! કેટલાક બાબુઓ રજા વાપરે છતાં રજાના હિસાબમાં રજા ઘટવાના બદલે ચક્રવૃદ્ધિ વ્યાજની જેમ વધારો-ઈજાફો થાય છે. ગાય-ભેંસની માફક રજા વિંયાય છે. કુંભકર્ણ રાવણનો ભાઇ હતા. તે પણ કિલ્લેદાર કે કમાંડર ઇન ચીફ કે મેજર જનરલ કે એવા કોઇ હોદા પર હશે. કુંભકર્ણ છ માસ ઘોરતા હશે તે સમયની તેની ફરજ પરની ગેરહાજરી કંઇ રજા તરીકે ઉધારતાં હશે ???આ તો એક જેન્યુન સવાલ મનમાં થાય છે!!

એક ભાઇ મહીનાનામાં એકસાથે ચાર રજા મંજૂર કરવા વિનંતી કરે. અરજીમાં રજાના કારણ વિશે એક હરફ ન લખે. અરજીના હાંસિયામાં એક કૌંસ દોરે. કૌંસમાં લાલ ટપકું કરે. તે ભાઇના સિનિયરે એક-બે વાર રજા મંજૂર પણ કરી. એક વાર ન રહેવાયું એટલે અરજદારને રજાનું કારણ કેમ લખ્યું નથી તેની પૃચ્છા કરી. પેલા ભાઇએ કહ્યું કે તેમણે પત્રના હાંસિયામાં રજાનું કારણ દર્શાવેલ છે!! સિનિયરને કંઇ ટપ્પો પડ્યો નહીં. પેલા ભાઇને ફોડ પાડવા કહ્યું. પેલા ભાઇએ કહ્યું ,"મારી મિસિસ ટાઇમમાં છે. રાંધવા, વાસણ સાફ કરવા વગેરે ઘરના કામ મારે કરવાના છે. એટલે રજા મુકી છે!!! "પછી કોંસમાં લાલ ટપકું કરેલી રજાઓ મંજૂર કરવામાં કોઇ વાંધાવચકા નીકળ્યા નહીં?!!

અમદાવાદ કલેકટર કચેરીમાં દેરાસરી કરીને એક મામલતદાર હતા.દેરાસરીના પિતાનું નિધન થયું. દેરાસરીએ પિતાજીના ક્રિયાકરમ માટે રજા માંગી. રજા મંજૂર કરવાના આગલા દિવસ લગી રજા મંજૂર ન થઇ.છેલ્લા દિવસે કલેકટરની ચેમ્બરમાં જઇ રજા મંજૂર કરવા વિનંતી કરી . કલેકટરે રજા નામંજૂર કરી. " મારો બાપ મરી ગયો છે. હું રજા પર જઇશ જ. તારો બાપ મરી જાય ત્યારે તુ રજા પર જતો નહીં " કલેક્ટરને મોં પર ચોપડાવીને વનરાજની અદાથી દેરાસરી કલેકકટરાલય છોડીને ઘરે આવી ગયા!!અક પ્રચલિત જોક મુજબ લશ્કરના કર્મચારીને રજાની જરૂર પડી. તેણે રજા મંજૂર કરવા અરજી કરી. રજા મંજૂર કરનાર અધિકારીએ રજા મંજૂર કરવા માટે પાકિસ્તાનની બે તોપ રજૂ કરવા જણાવ્યું. લાન્સનાયક કે સુબેદાર કક્ષાના કર્મચારીએ અડધા કલાકમાં બે પાક્સ્તાની તોપ પ્રસ્તુત કરી. અધિકારી ખુશ થઇ ગયાને રજા મંજૂર કરી દીધી. પછી સુબેદારને પૂછયું કે અત્યારે યુધ્ધ નથી, કોઇ સર્જીકલ સ્ટ્રાઇક નથી તો બે પાકિસ્તાની તોપ કયાંથી ઉઠાવી લાવ્યો." હુજૂર પાકિસ્તાનના લશ્કરના કર્મચારીને રજા મંજૂર કરાવવી હોય ત્યારે આપણે અહીંની તોપ આપીએ છીએ. આપણે રજા જોઇએ ત્યારે એ લોકો તોપ આપે છે.રજા મંજૂર કરાવવાનો વાટકી વ્યવહાર નહીં પણ તોપ વ્યવહાર છે. બંને પક્ષે રજા ગમે તેટલી મંજૂર થાય પણ તોપ ચારની ચાર રહે છે!!!!

હમણા નાગપુર પોલીસ બેડા ( પોલીસ બેડા શબ્દ શું કામ વપરાય છે તેની અમે નાઓને ખબર પડતી નથી. આઉટ ચોંકી હોય તો પોલીસ પવાલું, પોલીસ ચોંકી હોય તો પોલીસ બોઘરણું, જિલ્લા કચેરી હોય તો પોલીસ ગાગર અને ડીજીપી કચેરી હોય તો પોલીસ હાંડો શબ્દ કેમ વાપરવાનાં આવતો નથી?? બોલો દગડું-પાંડું જવાબ આપો!!)માં કોઇએ રજા માંગી કૂતરું કરડવા સબબ શખ્સ ઈસમનાઓએ માંગેલ રજા નામંજૂર કરાઇ. કેમ? વેરી સિમ્પલ!! હડકાયેલ કૂતરું કરડ્યું હશે તો જ રજા મળશે એવું કોઇ હડકાયેલ અધિકારીએ નક્કી કર્યું. એક તો નાગરિકમાં કૂતરા કેટલા અને હડકાયેલ કેટલા તેનો પોલીસ સ્ટેશન દીઠ પોલીસ એપમાં ડેટા નહીં મળે. રજા મંજૂર કરાવવા કેટલા બધા કૂતરા પકડવા પડે, પછી કેટલા કૂતરા હડકાયેલ છે તેને અલગ તારવવા પડે, તેમની સાથે કરડવાનો ઓફ કોર્સ કૂતરાંને ચુકવવાનો રેટ નક્કી કરવો પડે, હડકાયેલ કૂતરાંને કરડવાની મંજૂરી આપતો બારાયદા વર્ક ઓર્ડર આપવો પડે, તત્કાળ કરડવાનો રેટ અલંગથી નક્કી કરવો પડે હડકાયેલ કૂતરાંની અવેડામાં એસપીથી નીચેની રેક્ર ધરાવતા અધિકારી કરડી ન શકે તેવો પ્રોવીજો રાખવો પડે. હડકાયેલ કૂતરું પોલીસને કરડે તો કૂતરાંને પોલીસવા ન થાય તેની રસી આપવાનું વ્યવસ્થા પણ કરવી પડશે. નહીંતર કૂતરું ગમે ત્યાં અને ગમે તેની પાસેથી ઉઘરાણું કરવાનું ચાલુ કરી દેશે !!! આ બધી માથાકૂટ કરવા કરતા.. અગાઉની વ્યવસ્થા બહાલ કરો નહીંતર હડકાયા કૂતરાંની સંખ્યા કરતાં વધુ સંખ્યામાં હડકાયેલ કૂતરાથી કરડવાથી રજા મુકાશે અને ડબલ હડકાયેલ અધિકારી રજા મંજૂર કરશે . જતે દિવસે વળતર રજા, પિતૃત્વ રજા, માતૃત્વ રજા, સીએલની કેટેગરીમાં હડકવા રજાનો ઉમેરો થશે!!! ઓહ નો!

ભરત વૈષ્ણવ

# ક્રૂડ તેલ-મિની વાયદામાં કામકાજના પ્રથમ દિવસે ૩૭,૩૩૦ બેરલનું નોંધપાત્ર વોલ્યુમ

સોનાનો વાયદો રૂ.૧૧૬ અને ચાંદીનો વાયદો રૂ.૪૨૧ વધ્યોઃ કોટન-ખાંડીમાં રૂ.૨૦નો સુધારોઃ મેન્થા તેલ ઢીલુઃ પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ.૬૦૪૮ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૯૩૦૦ કરોડનું ટર્નઓવરઃ બુલડેક્સ વાયદામાં રૂ.૧૨ કરોડનાં કામકાજ

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં શુક્રવારે પ્રથમ સત્ર સુધીમાં ૨,૦૨,૪૧૮ સોદાઓમાં કુલ રૂ.૧૫,૩૬૦.૨૬ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૬૦૪૮.૨૪ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૯૩૦૦.૦૯ કરોડનો હતો.

દરમિયાન, શુક્રવાર (આજ)થી નવા શરૂ થયેલા ક્રૂડ તેલ-મિની વાયદાને પ્રથમ દિવસે બહોળો પ્રતિસાદ પ્રાપ્ત થયો હતો. ક્રૂડ તેલ-મિનીમાં સાંજે પાંચ વાગ્યા સુધીના પ્રથમ સત્રમાં ૩,૦૬૫ સોદાઓમાં રૂ.૨૪.૦૭ કરોડનાં ૩૭,૩૩૦ બેરલનાં કામકાજ થયાં હતાં અને ઓપન ઈન્ટરેસ્ટ ૧૦,૯૬૦ બેરલના સ્તરે રહ્યો હતો. ક્રૂડ તેલ-મિની એપ્રિલ વાયદો બેરલદીઠ રૂ.૬,૪૫૪ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ.૫ ઘટી રૂ.૬,૪૪૧ના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૪૭,૬૨૮ સોદાઓમાં કુલ રૂ.૩,૧૦૦.૧૯ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૫,૮૯૯ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૫,૮૯૯ અને નીચામાં રૂ.૫૫,૭૪૬ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૧૬ વધી રૂ.૫૫,૮૫૫ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની માર્ચ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૮૩ વધી રૂ.૪૪,૫૬૪ અને ગોલ્ડ-પેટલ માર્ચ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧૦ વધી રૂ.૫,૫૦૭ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૫,૯૯૯ના ભાવે ખૂલી, રૂ.૫૨ ઘટી રૂ.૫૫,૮૬૩ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૩,૭૧૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૩,૮૫૮ અને નીચામાં રૂ.૬૩,૫૯૧ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૪૨૧ વધી રૂ.૬૩,૬૭૭ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૫૦૫ વધી રૂ.૬૪,૮૦૯ અને ચાંદી-માઈક્રો એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૪૯૫ વધી રૂ.૬૪,૮૧૯ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૧,૩૪૭ સોદાઓમાં રૂ.૧,૩૮૬.૦૯ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ માર્ચ વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૬૫ વધી રૂ.૨૧૦.૩૫ અને જસત માર્ચ વાયદો રૂ.૨.૮૫ વધી રૂ.૨૭૨ના ભાવ થયા હતા. આ સામે તાંબુ માર્ચ કોન્ટ્રેક્ટ રૂ.૩.૦૫ વધી રૂ.૭૬૬.૧૫ તેમ જ સીસું માર્ચ કોન્ટ્રેક્ટ રૂ.૦.૨૫ વધી રૂ.૧૮૪ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૩૨,૦૫૮ સોદાઓમાં કુલ રૂ.૧,૫૫૭.૫૧ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ માર્ચ વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૬,૪૨૬ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૪૪૨ અને નીચામાં રૂ.૬,૩૮૬ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૩૪ ઘટી રૂ.૬,૪૦૩ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ માર્ચ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૪ વધી રૂ.૨૩૧.૪૦ બોલાઈ રહ્યો હતો. કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૭૭ સોદાઓમાં રૂ.૪.૪૫ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી માર્ચ વાયદો ૧ ખાંડીદીઠ રૂ.૬૩,૪૬૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૩,૫૨૦ અને નીચામાં રૂ.૬૩,૪૬૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૦ વધી રૂ.૬૩,૪૮૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં માર્ચ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧.૧૦ ઘટી રૂ.૧૦૩૭.૯૦ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧,૫૮૧.૭૪ કરોડનાં ૨,૮૩૧.૮૪૦ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૧,૫૧૮.૪૫ કરોડનાં ૨૩૪.૯૪૯ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૬૭૨.૧૬ કરોડનાં ૧૦,૪૮,૧૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૮૬૧ કરોડનાં ૩૭૦૮૩૭૫૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડીના વાયદાઓમાં રૂ.૧.૨૨ કરોડનાં ૧૯૨ ખાંડી, મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૩.૨૩ કરોડનાં ૩૦.૯૬ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૧૮,૩૮૦.૫૪૦ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૭૧૮.૧૮૫ ટન, ક્રૂડ તેલમાં ૭૨૧૫૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૩૭૩૫૧૨૫૦ એમએમબીટીયૂ તેમ જ કોટન ખાંડીમાં ૯૬૪૮ ખાંડી, મેન્થા તેલમાં ૩૯૩.૧૨ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં બુલડેક્સ વાયદામાં રૂ.૧૧.૯૩ કરોડનાં ૧૫૮ લોટ્સ ના વેપાર થયા હતા. બુલડેક્સ માર્ચ વાયદો ૧૫,૧૧૮ના સ્તરે ખૂલી, ૩૯ પોઈન્ટ વધી ૧૫,૧૧૪ના સ્તરે હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૯,૩૦૦.૦૯ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૪૫૪.૯૫ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૧૭.૦૯ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૭,૬૮૯.૬૩ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૦૩૮.૦૩ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ.૨૧૮.૨૮ કરોડનું થયું હતું. સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં ક્રૂડ તેલ માર્ચ રૂ.૬,૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૮૧.૮૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૯૮.૪૦ અને નીચામાં રૂ.૧૭૦.૫૦ રહી, અંતે રૂ.૧૯.૧૦ ઘટી રૂ.૧૭૯ થયો હતો. જ્યારે નેચરલ ગેસ માર્ચ રૂ.૨૩૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૫.૭૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૭.૪૦ અને નીચામાં રૂ.૧૫.૫૦ રહી, અંતે રૂ.૧.૬૫ વધી રૂ.૧૬.૪૫ થયો હતો. સોનું માર્ચ રૂ.૫૬,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૩૦ ખૂલી, ઊપરમાં રૂ.૪૩૦ અને નીચામાં રૂ.૩૭૯ રહી, અંતે રૂ.૫૦ વધી રૂ.૪૨૧.૫૦ થયો હતો. ચાંદી એપ્રિલ રૂ.૬૫,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૫૮૦ ખૂલી, ઊપરમાં રૂ.૧,૬૭૪ અને નીચામાં રૂ.૧,૫૦૦.૫૦ રહી, અંતે રૂ.૧૯૭.૫૦ વધી રૂ.૧,૬૫૪.૫૦ થયો હતો. સોનું-મિની માર્ચ રૂ.૫૬,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૦૧.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૪૩૮ અને નીચામાં રૂ.૩૯૦ રહી, અંતે રૂ.૩૮ વધી રૂ.૪૨૦ થયો હતો.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




NOG SS No : 0092

પ્રકાર :- પદ્ય

વિષય :- હોળી -ધુળેટી, જીવનમાં રંગોનું મહત્વ

શિર્ષક :- હું અને રંગો

બેરંગ થતી જાય છે જિંદગી,
રંગો થોડાં રેલાવી દે.
મન ને તન રહ્યું સદાય કોરું,
તારા રંગથી એને ભીંજાવી દે.
ગોરા- ગોરા ગાલ પર મારા,
થોડોક ગુલાલ લગાવી દે.
શરમથી ભલે એ લાલ છે થયાં,
સ્પર્શથી તારા મ્હેંકાવી દે.
કેસુડો મને સદાયથી વ્હાલો,
ચૂંદડી મારી એથી ભીંજાવી દે.
સૂરજ ઊગી ઉઠશે ચુંદડીએ મારો,
એની લાલિમા છલકાવી દે.
લીલો રંગ પ્રકૃતિની નિશાની,
કપાળ મારું એથી સોહાવી દે.
હુંય અભિન્ન અંગ છું આ પ્રકૃત્તિનું,
આજે ફરી યાદ કરાવી દે.
શ્વેત રંગ શાંતિના પ્રતીક સમ,
તિલક એનું લગાવી દે.
ભીતર ને બહાર ઘોળાતી વ્યગ્રતા,
લેપ ચંદન સમો લગાવી દે.
હોળીની જ્વાળા સમ રંગ પીળો,
પાવન એનાથી કરાવી દે.
ધૂળેટીની ધૂળમાંય રંગની રંગત,
તારી સંગત એમાં મિલાવી દે.
રંગોથી ભરી સૃષ્ટિ રૂપાળી,
મનેય એવી રમણીય બનાવી દે.
ફાગણિયો જોને ફૂલ્યો- ફાલ્યો,
મનેય ફાગણના ફૂલ સમ સજાવી દે.

- અલકા નવિનચંદ્ર મહેતા
ગાંધીનગર

---

NOG SS No-106

Nog-સાહિત્ય સરિતા-ગ્રુપ

વિષય-'ફાગણિયો-હોળી/ધૂળેટી'જીવનમાં રંગોનું મહત્વ.

પ્રકાર-ગદ્ય

શીર્ષક-રંગ- ઉત્સવની આભા.

શબ્દ-૧૨૩

---

આ જીવન કેટલું રંગીન છે!
લીલીછમ્મ ધરતી ઉપર કેસરિયા રંગબેરંગી ભાતની ઓઢણી ઓઢીને રુપની પરી
તૈયાર થઈને ઊભી હોય એવું સુંદર ધરતીનું વાતાવરણ ફાગણિયે ફોરમતું હોય.
આ
ફાગણ ફોરવતો આયો

ફાગણિયા કેસરિયા રંગથી ધરતી જાણે ગરાસણી કેસરિયા ઓઢણું ઓઢીને ઊભી હોય.ધરતી ઉપરનો બિછાત થયેલો રંગ જાણે કામદેવ/રતિની ક્રીડા માટે તૈયાર હોય! કામણગારો કેસૂડો કેટલાનાં દિલડાં હરી લે.

રંગોનો તહેવાર એટલે ધૂળેટી.આનંદનો તહેવાર.

કૃષ્ણની રાસલીલા,નવેલી પરણેતરોના લાઠીમાર? રાજસ્થાનમાં બાળલગ્ન,કચ્છમાં જુદાવેશ(બહુરૂપી),ઊટડા/ઊંટડીનાં સરઘસ પછી લગ્ન.

હોળીના સાત દિવસ ખૂબ ધમાલ,'ગુરીયાપીર'ના પૂજા પાઠ કરી 'લાગો' લઈ, ધૂળેટીના ઊજાણી કરનાર યુવાન 'ઘેરૈયા'નો રંગનો આનંદ તો માણવા જેવો .

આપણા તહેવારો આનંદથી ભરેલા.
ખોરાક,જીવનમાં,ઉત્સવોમાં આનંદ છલકાય.
ભારતીય ખોરાક જુદી જગ્યાએ,જુદા સ્વાદ.
પુરુષોનાપહેરવેશ ભાતભાતના.
સ્ત્રીઓના ભાતભાતના પહેરવેશ!
ઉત્સવની આભા કંઈક અલગ.

મુક્તિદા ઓઝા.મુંબઈ

---

NOG SS. NO. 0097

વિષય:હોળીનારંગો

શીર્ષક: લાલ,ભુરો ને વાદળી

પ્રકાર: ગદ્ય

એક જમાનો હતો જ્યારે લાલ,ભુરો ને વાદળી મુખ્ય રંગ કહેવાતો. લાલ,ભુરો ને વાદળી મુખ્ય રંગ કહેવાય પ..એવી એક કવિતા પણ ભણવામાં આવતી એવું યાદ છે. કલાકાર પોતાની કલ્પનાનું અથવા તો કોઈ સુંદર ચિત્ર જોયને પોતે આબેહૂબ એવું ચિત્ર તૈયાર કરે. એ ચિત્રને અવનવા રંગો પુરીને આહ્લાદક બનાવે. લોકો એના ખુબ વખાણ કરે.

એક ચિત્ર સુંદર ક્યારે બંને? યોગ્ય રેખાઓનું સંકલન,રંગ પૂર્ણી અને સ્વચ્છતા. રેખાઓનું સંકલન એટલું જ નહીં,પરંતુ રસ પૂર્વક પત્ર સંકલન એટલે કે-એક ચિત્રકાર પોતે પોતાની કળામાં ઓતપ્રોત થઈને ચિત્ર દોરે ત્યારે એનો હૃદયનો ભાવ એમાં ઉમેરાય ત્યારે બધાનો સમન્વય થઈને ચિત્ર સુંદર બંને.વરસો પહેલાં ચિત્રકારને આપવામાં આવેલા મર્યાદિત રંગોમાંથી કુશળ ચિત્રકાર આહ્લાદક ચિત્ર બનાવતા. અને એજ સાચી કળા હતી.

આજે બજારમાં જાવ તો અનેક પ્રકારના અને વિવિધ રંગો ઉપલબ્ધ હોય છે. પરિણામે કલાકાર પોતે જ મૂંઝાય જાય છે.મર્યાદિત સાધનોથી અદ્ભુત કળાકૃતિ તૈયાર કરે એ શ્રેષ્ઠ કલાકાર.

દરેકને એક સરખું જીવન મળે છે.ભલે સંજોગો જુદા હોય. પરંતુ કપરા સંજોગો અને વિપરીત પરિસ્થિતિને અતિક્રમીને જે વ્યક્તિ આનંદથી જિંદગી જીવે છે. એ શ્રેષ્ઠ છે. અને એ હોળીના રંગોની જેમ એક દિવસ નહીં પરંતુ પોતાની જીંદગીને હંમેશા રંગીન બનાવી રાખે છે.

વર્ષાબેન દેસાઈ
એડવોકેટ
વડોદરા-સિડની

# ચૂંટણી પરિણામો બાદ મેઘાલયમાં ભડકી હિંસા, આગલા આદેશ સુધી લગાવાયો કર્ફ્યુ

શિલોગ,તા.૩

ત્રિપુરા, નાગાલેન્ડ અને મેઘાલયમાં યોજાયેલી વિધાનસભા ચૂંટણીના પરિણામો આવી ગયા. મેઘાલયમાં ગુરુવાર, ૨ માર્ચના રોજ વિધાનસભાની ૫૯ સીટો માટે થયેલી ચૂંટણીના પરિણામો જાહેર કરવામાં આવ્યા હતાં . ચૂંટણી પરિણામો બાદ મેઘાલયના ઘણા વિસ્તારોમાં હિંસા ભડકી હોવાના સમાચારો સામે આવી રહ્યા છે. ચૂંટણી પરિણામ આવ્યા બાદ ભડકેલી હિંસાને જોતા પશ્ચિમ જયંતિયા હિલ્સ જિલ્લા પ્રશાસને સહસ્નિયાંગ ગામમાં આગલા આદેશ સુધી કર્ફ્યુ લગાવી દીધો છે.

સોહરા અને માયરંગ જેવા વિસ્તારોમાં ૧૪૪ની કલામ લાગૂ કરવામાં આવી છે.

નોંધનીય છે કે ૨ માર્ચ, ગુરુવારે જાહેર થયેલા મેઘાલય વિધાનસભા ચૂંટણીના પરિણામોમાં કોઈપણ પક્ષને બહુમતી મળી નથી. જો કે, સત્તાધારી નેશનલ પીપલ્સ પાર્ટી મેઘાલયમાં સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવી, તેણે ૫૯ મતવિસ્તારોમાંથી ૨૬ બેઠકો જીતી. આ બધાની વચ્ચે ચૂંટણીના પરિણામો બાદ રાજયના ઘણા ભાગોમાં હિંસક ઘટનાઓ બની છે. સુત્રોના જણાવ્યા અનુસાર મતગણતરી પછીની હિંસાને ધ્યાનમાં રાખીને પશ્ચિમ જયંતિયા હિલ્સ જિલ્લા વહીવટીતંત્રે આગળના આદેશો સુધી સહસ્નિયાંગ ગામમાં કર્ફ્યુ લાદી દીધો છે.

કોંગ્રેસે ૩ સીટ, જયારે ભાજપ અને તેના સહયોગીએ ૨ સીટો પર મેળવી જીત સત્તાવાર સૂચનામાં જણાવાયુ છે કે, 'મતોની ગણતરી પછી સહસ્નિયાંગ ગામમાં હિંસા નોંધાઈ છે અને જો ધ્યાન આપવામાં ન આવે તો હિંસા ફેલાઈ શકે છે અને તીવ્ર બની શકે છે. આ વિસ્તારોમાં હિંસા તાત્કાલિક રોકવા અને વિસ્તારમાં જાહેર શાંતિ સ્થાપિત કરવા માટે કર્ફ્યુ જાહેર કરવામાં આવે છે.' રિપોર્ટ મુજબ પથ્થરમારાની ઘણી ઘટનાઓ બની છે. કારોને આગ લગાડવામાં આવી છે અને જાહેર સંપત્તિને નુકસાન થયુ છે. સોહરા અને મેરાંગ જેવા વિસ્તારોમાં પણ હિંસા થઈ છે, જયાં કલમ ૧૪૪ લાગુ કરવામાં આવી છે

મળતી માહિતી મુજબ હિંસા તાત્કાલિક રોકવા અને વિસ્તારમાં જાહેર શાંતિ પુનઃસ્થાપિત કરવા માટે જિલ્લા મેજિસ્ટ્રેટ બીએસ સોહલિયાએ જણાવ્યુ હતુ કે સહસ્નાયિંગ ગામમાં તાત્કાલિક અસરથી કલમ ૧૪૪ સીઆરપીસી હેઠળ કર્ફ્યુ લાદવામાં આવ્યો છે .

અને આગામી આદેશો સુધી તે ચાલુ રહેશે. મેઘાલયમાં એનપીપી સૌથી મોટી પાર્ટી બનીને ઉભરી મેઘાલયમાં સત્તારૂઢ નેશનલ પીપલ્સ પાર્ટી ગુરુવારે ૫૯ મતવિસ્તારોમાંથી ૨૬ બેઠકો જીતીને રાજયની સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવી છે, એમ ચૂંટણી પંચે ગુરુવારે જણાવ્યુ હતુ. જો કે, સંગમાની પાર્ટી ચૂંટણીમાં બહુમતી મેળવવામાં નિષ્ફળ રહી હતી.

# વૈદિક હોળી કિટનું સ્ટાર્ટઅપ એટલે સંસ્કૃતિ, પર્યાવરણ અને રોજગારીનો ત્રિવેણી સંગમ

## હોલિકા દહનમાં લાકડાનો ઉપયોગ અટકાવી ગોબરમાંથી વૈદિક હોળી કિટ તૈયાર કરી પ્રિન્સ પટેલ નામના યુવાને પર્યાવરણની જાળવણી માટે ચીંધ્યો નવો રાહ

આલેખન : વિવેકગોહેલ, અમદાવાદ

એકનાનો અમથા ેવિચારખૂબ મોટા પરિવર્તનોલા વીશકેછે. જેનું જીવંત ઉદાહરણછે ૨૩ વર્ષીય પ્રિન્સ પટેલ. પોતાના સ્ટાર્ટઅપ 'કેસરકા ઉપ્રોડક્ટ્સ'ના માધ્યમથી છેલ્લા ૩ વર્ષથીતેઓ અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા સહિતના જિલ્લાઓમા ંવૈદિકહોળી કિટનું વેચાણ કરી રહ્યાછે. અનેઆગામીસમયમાં વધુને વધુલો કોતેમ ની સાથે જોડાઈ પ્રકૃતિના જતન અન ેગૌસંવર્ધન માટે વૈદિક હોળી કિટનોઉપયોગ કરેતેમાટે અથાક પરિશ્રમ કરી રહ્યાછે. તેમનેઆવિચાર ક્યાંથી આવ્યો તેવો સવાલ કરતા પ્રિન્સ પટેલ કહેછેકે, થોડા વર્ષો અગાઉ હોળી-ધુળેટીના તહેવારના સમયેહું એકગામમગય ોહતો અનેત્યાં ગાયના છ ાણાંમાંથીબનાવેલી હોળીજોઈ. અનેમનમા ંવિચાર ઝબક્યો કે ગામ ડાનાલોકોગાયના છાણાંમાંથી બનેલી હોળી પ્રગટાવી પરંપરા ગતઉજ વણીકરવાની સાથે લાકડાનકાપીને પ્રકૃતિનું જતન કરેછે. તોપછીઆઅભિગમ શહેરોમાં પણ વિસ્તરેતો? બસ આજ વિચારમાંથી જન્મ થયો વૈદિક હોળી કિટનો.

અમદાવાદની ગુજરાત યુનિવર્સિટીમાંએગ્રી પ્રિન્યોરશીપમાં સ્.જ્ષ્ઠ કરતા હોવાને કારણે કૃષિઅને પશુપાલનને આધુનિક રીત ેવિસ્તારવાનો ધ્યેય રાખતા પ્રિન્સને આ વિચારન ાસ્વરૂપે એક નવુંલક્ષ્ય ઓળખાઈ ગયું. વૈદિકહોળી કિટ બનાવી વેચવાને કારણે શહેરી વિસ્તારોની અનેકસોસાયટીઓમાં લાકડામાંથી બનતી હોળીનું સ્થાન ગોબ રમાંથી બનતી વૈદિક હોળીએ લઈ લીધું. આવૈદિક હોળી કિટમાં શ્રીફળ, કપૂર, ગાયનું ઘી, હોળીના હાર, અબીલ-ગુલાલ-કંકુ, ગોબરમાંથી બને લાદીવડાં તથા હોળીના પાયામાં, વચ્ચે અને સૌથી ઉપર ગોઠવવા માટે અલગ અલગ સાઈઝ અને આકારના લગભગ ૨૫૦ કિલો ગોબર ના છાણાં આપવામાં આવેછે. આમ, શાસ્ત્રોક્ત હોલિકા દહન માટે ઉપયોગી લગભગ તમામ સામગ્રીનો સમાવેશ આકિટમાં કરવામાં આવે છે. ગાય આધારિત વિવિધ વસ્તુઓનો ઉપયોગ તેમણે માત્ર હોળી કીટ બનાવવા પૂરતો સીમિત નથી રાખ્યો. આ સિવાયની પણ લગભગ ૮૦ જેટલીવસ્તુઓનું ઉત્પાદન તેઓ કરેછે.

પ્રિન્સ પટેલ નુંસ્ટાર્ટ અપપ્રકૃતિના જતનની સાથે રોજગારીનું સર્જન પણકરેછે. ગોબર એકત્ર કરવાથીમાંડી તેને વિવિધ આકારમાં ઢાળવો મહેનત માગીલે તેવું કામ છે તેમના જણાવ્યા પ્રમાણે આશરે ૨૦ જેટલા લોકોને કામે લગાડી કિટ બનાવવાનું કામ ૪ મહિના અગાઉથી જ શરૂ કરી દેવામાં આવેછે. આ કાર્યમાં ગ્રામીણ લોકોને સારી એવી રોજગારીમળેછે. સાથો-સાથ ખેતી અને પશુપાલનમાં રસ ધરાવતા અને સ્વૈચ્છિક રૂપે કિટ બનાવવાના કામમાંજોડાવવા માંગતા યુવાનોને પણ સામેલ કરવામાં આવેછે. હાલતો આસ્ટાર્ટઅપ ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં વિસ્તર્યુંછે. પરંતુ ભવિષ્યમાં વેબસાઈટ બનાવી વૈદિક હોળી કિટ અને ગાય આધારિત અન્ય વસ્તુઓનું વેચાણ સમગ્ દેશ અને વિદેશમાં પણ કરવાનો પણ આ યુવાનનો લક્ષ્યાંક છે. આમ, પ્રકૃતિજતન, રોજગારીનું સર્જન અને ગૌસંવર્ધનની ત્રિવેણી પહેલ સાથેતૈયાર કરવામાં આવી રહેલી વૈદિક હોળી કિટના ઉપયોગથી હજારો કિલો લાકડું સળગ તુંઅટકી રહ્યું છે અને તેને મેળ વવા માટે કપાતા અનેક વૃક્ષ પણ બચી રહ્યાછે. પ્રિન્સ પટેલ અને તેમની ટીમ પાસેથી ખરીદી કરનાર ગ્રાહકોને પણ પર્યાવરણનું સંરક્ષણ કરવાની તક મળે છે

### કેમ્બ્રિજમાં રાહુલ

# ભારતની લોકશાહીના મૂળભૂત માળખા પર હુમલો થઈ રહ્યો છે,લોકશાહી ખતરામાં

## "મારા પોતાના ફોનમાં પેગાસસ હતું. ઘણા મોટા નેતાઓના ફોનમાં પણ પેગાસસ હતા.

નવીદિલ્હી,તા.૩

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી આજકાલ બ્રિટનના પ્રવાસે છે. લંડનની કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં પોતાના પ્રવચન દરમિયાન રાહુલ ગાંધીએ ભારતમાં લોકશાહીની સ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે ભારતમાં લોકશાહી ખતરામાં છે અને તેના મૂળભૂત માળખા પર હુમલો કરવામાં આવી રહ્યો છે. વિપક્ષી નેતાઓની જાસૂસી અંગે તેમણે કહ્યું કે, મારા પોતાના ફોનમાં પેગાસસ હતુ, ભારતના ઘણા મોટા નેતાઓના ફોનમાં પણ પેગાસસ હતુ.

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ દેશની વર્તમાન પરિસ્થિતિ પર ચિંતા વ્યક્ત કરતા કહ્યું કે, ભારતમાં લોકશાહી ખતરામાં છે. ભારતની લોકશાહીના મૂળભૂત માળખા પર હુમલો થઈ રહ્યો છે. પીએમ સંસદીય માળખાને નષ્ટ કરવા માટે મક્કમ છે. સ્થિતિ એવી થઈ ગઈ છે કે સંસદમાં અવાજ ઉઠાવવા બદલ વિપક્ષને જેલમાં ધકેલી દેવામાં આવે છે. તેની સામે સતત કેસ કરાઈ રહ્યા છે. તેમણે કહ્યું કે વિપક્ષના નેતાઓ સામે કેસ નોંધવામાં આવે છે. મારી સામે ઘણા ફોજદારી કેસ નોંધાયેલા છે. જે ફોજદારી કેસ હેઠળ ન હોવા જોઈએ. લઘુમતીઓને લઈને કેન્દ્ર સરકાર પર પ્રહાર કરતા કોંગ્રેસ નેતાએ કહ્યું કે લઘુમતીઓ પર હુમલા વધી રહ્યા છે. રાહુલ ગાંધી કેમ્બ્રિજ જજ બિઝનેસ સ્કૂલ (કેમ્બ્રિજ જેબીએસ)માં વિઝિટિંગ ફેલો છે.

વિપક્ષી નેતાઓ પર જાસૂસી કરવાની શંકા વ્યક્ત કરતા રાહુલ ગાંધીએ કેમ્બ્રિજ જજ બિઝનેસ સ્કૂલ (કેમ્બ્રિજ જેબીએસ) ખાતે કહ્યું, "મારા પોતાના ફોન પર પેગાસસ હતો. ભારતના અન્ય ઘણા મોટા નેતાઓના ફોનમાં પણ પેગાસસ હતા. ઘણા ગુપ્તચર અધિકારીઓએ મને ફોન કર્યો અને મને સલાહ આપી કે ફોન પર વાતચીત કરતા સમયે ધ્યાનથી બોલજો, તમારો ફોન સર્વેલન્સ પર છે.

તેમણે કહ્યું કે મોટી સંખ્યામાં વિપક્ષી નેતાઓના ફોનમાં પેગાસસ લગાવવામાં આવ્યું છે. વિપક્ષી નેતાઓના ફોન સતત ટેપ થઈ રહ્યા છે. તેમણે પેગાસસ મુદ્દે ભૂતકાળમાં ઘણી વખત સરકારને ઘેરી છે અને તેનો ફોન ટેપ કરવાનો દાવો પણ કર્યો છે. તેમણે એમ પણ કહ્યું કે મીડિયા અને ન્યાયતંત્રને નિયંત્રિત કરવામાં આવી રહ્યું છે.કોંગ્રેસના ભૂતપૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ ૨૮



ફેબ્રુઆરીના રોજ પ્રતિષ્ઠિત કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં તેમના ભાષણને સાંભળવાની કળા પર કેન્દ્રિત કર્યું અને લોકશાહી પ્રણાલીઓ માટે નવી વિચારસરણી માટે આહવાન કર્યું. તેમના પ્રવચનમાં રાહુલે વિશ્વમાં લોકતાંત્રિક વાતાવરણને પ્રોત્સાહન આપવા માટે એક નવી વિચારસરણી માટે આહવાન કર્યું હતું જે લાદવામાં ન આવે.

તાજેતરના વર્ષોમાં ભારત અને યુ.એસ. જેવા લોકશાહી દેશોમાં ઉત્પાદન ક્ષેત્રે થયેલા ઘટાડાનો ઉલ્લેખ કરતા રાહુલ ગાંધીએ કહ્યું કે,

આ પરિવર્તનથી મોટા પાયે અસમાનતા અને નારાજગી બહાર આવી છે. જેના ઉપર તાત્કાલિક ધ્યાન દેવા અને સંવાદની જરૂર છે. યુનિવર્સિટીમાં ૨૧મી સદીમાં સાંભળવાનું શીખવું વિષય પર પ્રવચન આપતાં તેમણે કહ્યું, "આપણે એવી દુનિયાની કલ્પના કરી શકતા નથી કે, જ્યાં લોકશાહી પ્રણાલીઓ ન હોય. તેથી, બળ દ્વારા વાતાવરણ ઊભું કરવાને બદલે તમે લોકશાહી વાતાવરણ કેવી રીતે બનાવશો તે અંગે અમને નવા વિચારની જરૂર છે.તેમણે કહ્યું કે 'સાંભળવાની કળા' ખૂબ જ શક્તિશાળી છે. તેમણે કહ્યું કે વિશ્વમાં લોકતાંત્રિક વ્યવસ્થાઓ ખૂબ જ મહત્વપૂર્ણ છે.

તેમના પ્રવચનને ત્રણ મુખ્ય ભાગોમાં વહેંચવામાં આવ્યું હતું. તેની શરૂઆત ભારત જોડો યાત્રાના ઉલ્લેખથી થઈ હતી. રાહુલ ગાંધીએ સપ્ટેમ્બર ૨૦૨૨થી જાન્યુઆરી ૨૦૨૩ સુધી લગભગ ૪,૦૦૦ કિલોમીટરની પદયાત્રા કરી હતી અને આ યાત્રા ભારતના ૧૨ રાજ્યોમાંથી પસાર થઈ હતી.

# દેશની ટોચની ફાર્મા કંપની પર સાઈબર એટેક, તમામ પ્લાન્ટ પર કામ ઠપ્પ થયું

નવીદિલ્હી,તા.૩

દેશની અગ્રણી ફાર્મા કંપની સનફાર્મા પર સાઈબર એટેકના સમાચાર સામે આવ્યા છે. સનફાર્મા કંપનીના દેશભરના પ્લાન્ટ પર કામગીરી ઠપ્પ થઈ ગઈ હતી. જોકે, કંપનીનું કહેવુ છે કે, સાઈબર એટેકને પગલે કંપનીની કોર સિસ્ટમની કામગીરી પર કોઈ અસર પડી નથી. મંગળવારે કંપનીના કર્મચારીઓ ઓફિસ આવે તે પહેલા જ તેમના એકાઉન્ટમાં લોગ ઈન થઈ શક્યુ ન હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર, સનફાર્મા કંપનીના વડોદરા, મુંબઈ, હાલોલ સહિત દેશભરના પ્લાન્ટ પર કામગીરી થઈ ગઈ હતી. કંપની પર સાઈબર એટેક થયો હોવાનું જાણ થતા જ કંપનીનો આઈટી વિભાગ એક્ટિવ થઈ ગયો હતો. મંગળવારે સવારે કંપનીના કર્મચારીઓ ઓફિસ પર આવ્યા ત્યારે તેમને કમ્પ્યૂટર પર લોગ-ઈન કરવાની પરમિશન મળી ન હતી, તેથી કર્મચારીઓએ આઈટી વિભાગને જાણ કરી હતી. જેના બાદથી કંપની પર સાઈબર એટેક થયાની વાત સામે આવી હતી.

સાઈબર એટેક બાદ કંપનીના કમ્પ્યૂટર ઠપ્પ થઈ ગયા હતા. એટલુ જ નહિ, કંપની દ્વારા આદેશ કરાયો હતો કે, ઓનલાઈન ડેટા એનાલિસિસ અને કમ્પ્યૂટરનો ઉપયોગ થતો હોય તેવા તમામ મશીન બંધ રાખવામાં આવે. આ કારણે કંપનીની કામગીરી પર અસર પડી હતી. કંપની સન ફાર્મા કંપનીના સત્તાવાર અધિકારીએ પણ સાઈબર એટેક થયાની વાત કબૂલી હતી. તેઓએ જણાવ્યું કે કંપનીના કોર સિસ્ટમ અને ઓપરેશન્સને કોઇ અસર થઇ નથી. જોકે આઇટીનાં સાધનોને અમે આઇસોલેટ કરી દીધાં છે અને કંપનીએ તપાસ શરૂ કરી દીધી છે.

સાઈબર એટેકને પગલે કંપનીના અનેક મશીનરી બંધ થઈ ગયા હતા. તેમજ રિસર્ચ ડેટા એનાલિસિસને પણ મોટી અસર પડી હતી. કંપનીના સંશોધનના ડેટા બહુ જ જરૂરી હોય છે. આવામાં સાઈબર એટેકથી તે ચોરી થવાની શક્યતા વધુ હોય છે.

# કોગ્રેસ દ્વારા મોધવારીનો ગેસના બાટલા લઈને વિધાનસભાના ગેસ પાસે વિરોધ કરવામાં આવ્યો

ગાંધીનગર,તા.૩

ગુજરાત વિધાનસભાની બજેટ સત્ર દરમિયાન કોગ્રેસ દ્વારા આજે મોધવારીનો વિરોધ કર્યો હતો. કોગ્રેસના વિરોધ પક્ષના નેતા અમિત ચાવડા અને અર્જૂન મોઢવાડિયા સહિતના ધારાસભ્યો દ્વારા ગૃહની બહાર ગેસના બાટલો અને મોધવારીના બેનરો લઈને વિધાનસભા સંકુલ બહાર બેસીને વરોધ નોધાવ્યો હતો.

કોગ્રેસ દ્વારા સતત ગૃહમાં પણ જનતાના પ્રશ્નોને લઈને સરકારને ભીસમાં લેવાનો પ્રાયાસ કરવામાં આવી રહ્યો છે.

ગુજરાત વિધાનસભામાં કોગ્રેસ દ્વારા ગાંધીનગરમાં પોલીસ તાલિમી એકેડેમી કરાઈમાં ફેક ડોક્યુમેન્ટ બનાવીને પીએસઆઈની તાલિમ લઈ લેતા એક શખ્સ ઝડપાયો હતો તેને લઈને પણ ચર્ચાની માગ કરવામાં આવી હતી.

ગુજરાતની વિધાનસભાની અધ્યક્ષ દ્વારા તેમની માગણીં ના સ્વીકારાતા તેમના દ્વારા વિરોધ કરીને વોક આઉટ કર્યુ હતુ.

કોગ્રેસના આજના વિરોધ પ્રદર્શન પર પ્રતિક્રિયા આપતા વિરોધ પક્ષના નેતા અમિત ચાવડાએ મોદી સરકારને મોધવારીને લઈને સવાલોનો મારો ચલાવ્યો હતો.

CYMK

# આર્યન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ભગવાન પરશુરામ શિક્ષણ સહાય સેવાના લાભાર્થે શ્રી રામચરિત માનવત કથા નું આયોજન કરવામાં આવ્યું



આર્યન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા અમદાવાદ ખાતે શિક્ષણ સેવાના લાભાર્થે ભગવાન પરશુરામ શિક્ષણ સહાય યોજના અંતર્ગત આયોજિત શ્રી રામચરિત માનસ કથા માં ભાગવત વિદ્યાપીઠ સોલા, અમદાવાદના પરમ પૂજ્ય શ્રી ભાગવતઋષિ શાસ્ત્રીજી એ આર્શીવચનો પાઠવ્યા હતા. આ પ્રસંગે વિશ્વ ગુજરાતી સમાજ ના ગુજરાત પ્રદેશ એડિશનલ કો- કન્વીનર અને અરવલ્લી જિલ્લા પ્રભારી શ્રી કૃણાલ દીક્ષિત ઉપસ્થિત રહી રામચરિત માનસ કથાનુ રસપાન કર્યું હતું. ભગવાન પરશુરામ શિક્ષણ સહાય યોજના અંતર્ગત રામચરિત માનસ કથા શ્રી મનોજભાઈ શાસ્ત્રીએ ખુબ સુંદર રીતે કરી હતી. ભક્તજનો ખૂબ આનંદિત અને ભાવુક બન્યા હતા રામચરિત માનસ સુંદર અને ભવ્ય આયોજન આર્યન ચેરીટેબલ ટ્રસ્ટ ના પ્રમુખશ્રી આકાશ પટેલ અને તેમની ટીમે કર્યું હતું . શિક્ષણ સહાયના સામાજિક કાર્યોને બિરદાવ્યા હતા

# અમદાવાદના નરોડામાં કારની અડફેટે યુવકનું મોત

અમદાવાદ,તા.૩૩

અમદાવાદમાં સતત બીજા દિવસે હિટ એન્ડ રનની ઘટના બની. જેમાં પરિવારના આધારસ્તંભ યુવાને પોતાનો જીવ ગુમાવ્યો હતો. શહેરના નરોડા પાટિયાથી દેવી સિનેમા રોડ પર આ ઘટના બની હતી કે જ્યાં વિરાટનગરનો રવિ જોગુ નામના યુવકને કારે કચડી નાંખતા તેનું મોત નિપજ્યું હતું. મૃતક રવિ રસ્તો ક્રોસ કરી રહ્યો હતો આ દરમ્યાન તે વાહનથી બચવા જતાં નીચે પડી ગયો. આ દરમ્યાન પૂરપાટ વેગે આવતી કારે રવિને કચડી નાંખતા તેનું ઘટનાસ્થળે જ મોત થયું.બીજી તરફ કારચાલક રવિને કચડી નાંખ્યા બાદ ફરાર થઈ ગયો હતો અને મૃતક રવિ વિરાટનગરમાં નાની બહેન અને માતા સાથે રહેતો હતો અને પરિવારમાં તે એકમાત્ર કમાનાર વ્યક્તિ હતો. હાલ સમગ્ર મામલે પોલીસે આકસ્મિક મોતનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.નરોડામાં હિટ એન્ડ રનની ઘટના જ્યાં બની તે રસ્તા પર બમ્પના અભાવે વારંવાર અકસ્માત થતાં હોવાનો સ્થાનિકોનો આક્ષેપ છે. અગાઉ પણ આ જ રોડ પર આ પ્રકારે સર્જાયેલા અકસ્માતમાં એક વ્યક્તિએ તેમનો જીવ ગુમાવ્યો હતો. સ્થાનિકોનું કહેવું છે કે નરોડા પાટિયાથી દેવી સિનેમા વચ્ચે ડિવાઈડર હતું જે બંધ કરાતા લોકોને રસ્તો ક્રોસ કરવા ઘણો લાંબો ફેરો ફરવો પડે છે. નોંધનીય છે કે અમદાવાદમાં ગત રોજ બીએમડબ્લ્યુ કારે ટકકર મારતા એક દંપતી ઈજાગ્રસ્ત થયું હતું.આ ઘટનામાં આરોપી હજી પોલીસ પકડથી દૂર છે.

### સનાતન સંસ્થા તરફથી મહાશિવરાત્રીના પર્વ પર ગુજરાતમાં ભવ્ય ગ્રંથ પ્રદર્શનોનું આયોજન !

# નગર સેવિકા શ્રીમતી પારુલબેન દેવેએ સનાતન સંસ્થાના ગ્રંથ પ્રદર્શનની લીધી મુલાકાત

કર્ણાવતી - મહાશિવરાત્રીના પર્વ નિમિત્તે ગુજરાતભર માં કર્ણાવતી (અમદાવાદ), વડોદરા, ઉમરગાવ,સુરત,વલસાડ, એવા વિવિધ શહેરોમાં સનાતન સંસ્થા દ્વારા પ્રકાશિત ધર્મ, અધ્યાત્મ, રાષ્ટ્રં રક્ષણ, બાળસંસ્કાર, આયુર્વેદ,પ્રથમોપચાર, આપત્કાળમાં સંજીવની જેવા માર્ગદર્શક એવા વિવિધ વિષયોને લગતા ગ્રંથો નું પ્રદર્શન લગાવવામાં આવ્યું અને એના સાથે સાત્વિક ઉત્પાદનો અને ધર્મ શિક્ષણ આપતા ફલકો નું પ્રદર્શન કરવામાં આવ્યું. એનો લાભ આશરે ૩૦૦૦ કરતા વધારે લોકો એ લીધો.




કર્ણાવતીમાં કર્ણ મુક્તેશ્વર મંદિર સારંગપુર ખાતે સનાતન સંસ્થા દ્વારા મહાશિવરાત્રીના પાવન પર્વ ગ્રંથ પ્રદર્શનીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ગ્રંથ પ્રદર્શનીની કર્ણાવતી શહેરના ભાજપના નગરસેવિકા શ્રીમતી પારુલબેન દવે એ મુલાકાત લઈને ધર્મ, અધ્યાત્મ, રાષ્ટ્રં રક્ષણ, બાળસંસ્કાર,પ્રથમોપચાર, આયુર્વેદ ને લગતા બધા જ ગ્રંથોનું નિરીક્ષણ કર્યું. સમાજને જાગૃત કરનારા હલાલ જેહાદ ગ્રંથની ખરેદી કરી સનાતન સંસ્થાના કાર્યની પ્રશંસા કરી.

### 'મસ્જિદો માટે વક્ફ બોર્ડ, તો મંદિરો માટે સનાતન બોર્ડ શા માટે નહીં ?' આ વિષય પર વિશેષ સંવાદ !

# સરકારીકરણ થયેલાં મંદિરો ભક્તોને સોંપીને તેમનું સંચાલન કરવા માટે હિંદુ મંડળની સ્થાપના કરો ! - મહંત શ્રી સુધીરદાસજી મહારાજ

મસ્જિદો માટે 'વક્ફ બોર્ડ' છે, ચર્ચ માટે પણ સ્વતંત્ર 'ચર્ચ સમિતિ' (ડાયસેશન બોર્ડ) છે. હિંદુઓનાં મંદિરો માટે પણ સમિતિ અથવા મંડળની સ્થાપના થવી જોઈએ. હિંદુઓનાં મંદિરોનું સુવ્યવસ્થાપન થાય, તે માટે હિંદુઓની સમિતિની આવશ્યકતા છે. જે મંદિરો સરકારની અધિકાઈ હેઠળ છે, તે ભક્તોને સોંપી દઈને તેમનું સંચાલન આ સમિતિ પાસે આપવું, એવું આવાહન નાશિક ખાતેના શ્રી કાળારામ મંદિરના આચાર્ય મહામંડળેશ્વર મહંત શ્રી સુધીરદાસજી મહારાજે કર્યું. તેઓ હિંદુ જનજાગૃતિ સમિતિ વતી 'મસ્જિદો માટે વક્ફ બોર્ડ, તો મંદિરો માટે 'સનાતન બોર્ડ' શા માટે નહીં ?' આ વિષય પર આયોજિત ઑનલાઇન વિશેષ સંવાદમાં બોલી રહ્યા હતા.

મહંત શ્રી સુધીરદાસજી મહારાજે ઉમેર્યું કે, ''અનેક પ્રસિદ્ધ દેવસ્થાનોના પરિસરમાં મદ્ય અને માંસાહારી પદાર્થોની દુકાનો હોય છે, તે રોકવી જોઈએ. કેટલાક પ્રસિદ્ધ દેવસ?થાનો માટે પર્યટનની દષ્ટિએ સરકારે વિકાસ અને સુખસગવડો ભલે આપ્યા હોય, તો પણ દેવસ્થાનોની પરંપરાઓ અને આધ્યાત્મિકતા અબાધિત રાખવાનું દાયિત?વ સંબંધિત દેવસ્થાનના પૂજારી અને વ્યવસ્થાપનનું છે. તેમજ 'લેંડ જેહાદ' દ્વારા 'વક્ફ બોર્ડ' લાખો એકર ભૂમિ હડપ કરી રહ્યું છે. આગળ જઈને પણ અનેક ભૂમિઓ 'વક્ફ બોર્ડ' પોતાના અધિકાર હેઠળ લેશે, તેથી આ 'વક્ફ બોર્ડ' પર સરકારે અંકુશ મૂકવો જોઈએ.''



' દેવસ્થાન સેવા સમિતિ'ના વિદર્ભ સચિવ શ્રી. અનુપ જયસ્વાલે કહ્યું કે, મંદિરો અને ધાર્મિક સંસ્થાઓએ એકત્રિત થવું જોઈએ. તેમજ મંદિરો માટે 'સનાતન બોર્ડ'ની સ્થાપના કરવી જોઈએ. મંદિર પરિસરના લોકોમાં કેટલાક મતભેદ હોય, તો તે ચર્ચા દ્વારા દૂર કરવા જોઈએ. તેમજ સરકાર મંદિરો પોતાના અધિકાર હેઠળ લઈને મંદિરોના પૈસામાંથી કેટલાક સમાજ ઉપયોગી કાર્યક્રમ હાથ ધરે છે, તેથી સરકાર સારી છે, એમ કહી શકાય નહીં; કારણકે આવા ઉપક્રમો સરકારીકરણ ન થયેલા મંદિરો અને મંદિરોના ભક્તો પણ હાથ ધરે છે. તેમાંથી હિંદુઓની ધાર્મિક ભાવનાઓ પણ જાળવવામાં આવે છે.

શ્રી. રમેશ શિંદે

# ગુજરાત હાઈકોર્ટને ૭ નવા જસ્ટિસ મળશે,


અમદાવાદ,તા.૩

તાજેતરમાં સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસની અધ્યક્ષતામાં પાંચ જજોને કોલેજિયમ મળી હતી. જેમાં ગુજરાતના ૫ જિલ્લાના પ્રિન્સીપલ જજ અને બે એડવોકેટની ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ તરીકે નિમણૂંક કરવા ભલામણ કરવામાં આવી છે. આ ભલામણ કેન્દ્ર સરકારને કરવામા આવી છે. જે અંગે જલ્દી જ નિર્ણય લેવાઈ શકે છે. ત્યારે આ નિર્ણય બાદ ગુજરાતને નવા જસ્ટિસ મળશે. જેમાં સુસાન વેલેન્ટાઈન પિન્ટો, હસમુખભાઈ દલસુખ સુથાર, જિતેન્દ્ર ચંકલલાલ દોશી, મંગેશ રામચંદ્ર મેગ્ડે, દિવ્યેશકુમાર અમૃતલાલ જોશી.

આ પાંચ પ્રિન્સીપાલ જજની જસ્ટિસ તરીકે ભલામણ કરવામાં આવી છે. તેમજ બે એડવોકેટના નામની પણ ભલામણ કરાઈ છે. જેઓ વર્ષોથી સિટી સિવિલ સેશન્સ કોર્ટમાં વકીલાતની પ્રેક્ટિસ કરે છે. તેમાં દેવેન મહેન્દ્રભાઈ દેસાઈ અને દિવ્યાંગ આસિસસ્ટન્ટ ગર્વમેન્ટ પ્લીડર મોક્ષા કિરન ઠક્કરની ભલામણ કરાઈ છે. કેન્દ્ર સરકાર દ્વારા મોકલાયેલી ભલામણમાં કહેવાયું છે કે, આ સાતેય લોકોની કામગીરી, તેમના વિશે ઉપબ્ધ તમામ વિગતો અને આઈબી દ્વારા આપવામાં આવેલા માહિતીના અધારે તેમને હાઈકોર્ટના જસ્ટિસ બનાવવા પૂરતી પાત્રતા ધરાવે છે તેવું જણાવવામાં આવ્યું છે. તમામ લોકોને કાયદાનો બહોળો અનુભવ છે. આમ, ગુજરાત હાઈકોર્ટને નવા જજ મળશે. ત્યારે સુપ્રિમ કોર્ટ કોલેજિયમ દ્વારા કેન્દ્રને કરાયેલ ભલામણમાં બે નામની ભલામણ કરવામાં આવી છે. જેમાં કોલેજીયમે વકીલ દેવાન દેસાઈ અને મોક્ષા ઠક્કરના નામની ભલામણ કરી છે. તેમજ ૫ જ્યુડિશિયલ અધિકારીઓની હાઈકોર્ટના જજ તરીકે નિયુક્તિની પણ ભલામણ કરવામાં આવી છે.

# અર્હમ યુવા સેવા ગ્રુપ' અને એનીમલ હેલ્પલાઈન દ્વારા રેસકોર્સ ચબૂતરે, રવિવારે નિ:શુલ્ક કુંડા – માળા વિતરણ

રાષ્ટ્ર સંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના આશિર્વાદથી 'અર્હમ યુવા સેવા ગ્રુપ' અને કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ, એનિમલ હેલ્પલાઈન – રાજકોટ દ્વારા રવિવારે નિ:શુલ્ક કુંડા, માળા વિતરણ રાખવામાં આવ્યું છે. ઉનાળાનાં ધોમધખતા તાપમાં પક્ષીઓને આંશિક શાતા આપવા માળા–પીવાનાં પાણીની કુંડી 'રામપાતર' અને ગાયોની પાણી પીવાની કુંડી મુકવા જોઈએ. જેમ માણસને ગરમીમાં વધુ તરસ લાગે છે તેમ પશુ, પક્ષીઓ પણ ઉનાળાનાં ધોમધખતા તાપમાનમાં ખુબ જ તરસ્યા હોય છે. આવા જીવંત જીવોની છીપાવવા માટે




પાણી મુખ્ય સ્રોત છે. પશુ કલ્યાણ સંસ્થાઓ, પ્રાણી પ્રેમીઓ, વ્યક્તિઓ દ્વારા પશુ, પક્ષીઓનાં પાણી પીવાના રામપાતરનું વિતરણ કરવામાં આવતું હોય છે. પશુ, પક્ષીઓ માટે ધાબા પર, ઘરની બહાર કે સ્વચ્છ સ્થળોએ પાણીના બાઉલ મૂકવા જેથી તે ઉનાળામાં તેમની તરસ છીપાવી શકે. પાણીના દૂષણને ટાળવા તથા પાત્રને ગંદા થવાથી અટકાવવા માટે બાઉલને સાફ કરવા અને દરરોજ તેમાં પાણી બદલવું જોઈએ.

રાષ્ટ્ર સંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના આશિર્વાદથી 'અર્હમ યુવા સેવા ગ્રુપ' અને કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ, એનિમલ હેલ્પલાઈન – રાજકોટ દ્વારા તા. ૦૫/૦૩/૨૦૨૩, રવિવારે, સવારે ૭થી સવારે ૮ દરમિયાન રેસકોર્ષ ચબુતરો, બહુમાળી ભવન સામે, રાજકોટ ખાતે ચકલીનાં માળા, પાણી પીવાના પાતર, ગૌમાતાની પાણી પીવાની કુંડીનું નિ:શુલ્ક વિતરણ કરાશે.

### સર્વ સમાજે ચેન્નાઈના સાહુકાર પેટ દધીમતી માતાજી મંદિરમાં આચાર્ય ડૉ. લોકેશજીનું સ્વાગત કર્યું

# આચાર્ય લોકેશજીએ સનાતન ધર્મ અને સંસ્કૃતિનું રક્ષણ કર્યું છે - મા દધિમતી સેવા ધામ

ક્રાંતિકારી આચાર્ય ડૉ.લોકેશ મુનિજી મહારાજનું સર્વ સમાજ વતી સાહુકાર પેટ દધીમતી માતાજી મંદિર, દહીમા ભવન, ચેન્નાઈ ખાતે સન્માન કરવામાં આવ્યું હતું. આ સન્માન શ્રી મદ્રાસ દહીમા બ્રાહ્મણ મહાસભા ટ્રસ્ટ અને મા દધીમતી સેવા ધામ, ચેન્નાઈ દ્વારા આયોજિત સન્માન સમારોહમાં કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે જે નિર્ભયતાથી અહિંસા વિશ્વ ભારતી દિલ્હીના સ્થાપક ડૉ.લોકેશ મુનિજી મહારાજે વૈશ્વિક મંચ પર જૈન ધર્મ અને ભારતીય સંસ્કૃતિનું ગૌરવ વધાર્યું હતું, તેણે દિલ્હીના રામલીલા મેદાન ખાતેથી જૈન, સનાતન, ભારતીય સંસ્કૃતિનું




ગૌરવ વધાર્યું હતું. જે બદલ આચાર્ય લોકેશજીનું દેશભરની ધાર્મિક સંસ્થાઓ દ્વારા સન્માન કરવામાં આવી રહ્યું છે. અહિંસા વિશ્વ ભારતી અને વિશ્વ શાંતિ કેન્દ્રના સ્થાપક જૈન આચાર્ય ડો.લોકેશજીએ જણાવ્યું હતું કે મેં ભજવેલી ભૂમિકા ભગવાન શ્રી રામ અને ભગવાન શ્રી મહાવીરની અદ્રશ્ય શક્તિના કારણે જ શક્ય બની છે. ભગવાનની પ્રેરણાથી તેઓ લાખોની ભીડમાં નિર્ભયતાથી પોતાની વાત રજૂ કરી શક્યા અને ચર્ચા માટે આમંત્રિત કરી શક્યા. તેમણે કહ્યું કે "જે શસ્ત્રશાસ્ત્રને જાણે છે તે વીર છે અને જે શાસ્ત્રોને જાણે છે તે મહાન વીર છે." આ પ્રસંગે દધીમતી માતા મંદિર સેવા ધામના ટ્રસ્ટીઓ; જૈન સમાજના વરિષ્ઠ નેતા અને સામાજિક કાર્યકર સુનિલ બાફના, તેરાપંથ અને શિવાંચી સભાના અશોક ખટંગ; સુરેશ જૈન, અશોક બી. રાંકા, સાધુમાર્ગી જૈન સંઘના પ્રમુખ; ડૉ. કેસર સિંહ રાજપુરોહિત, નારાયણ સેવા સંસ્થાન, તમિલનાડુ રાજ્યના પ્રમુખ; અખિલ ભારતીય દહીમા બ્રાહ્મણ મહાસભાના ખજાનચી ગોવિંદ તિવારી, કમલ જોષી વગેરેએ શાલ, પુષ્પાંજલિ અને સ્મૃતિ ચિહ્ન અર્પણ કરીને આચાર્યશ્રીનું સન્માન કર્યું હતું.

# નગરપાલિકા તથા તાલુકા મથકે આવેલી એલઆઈસી અને રાષ્ટ્રીયકૃત બેંકની ઓફીસની સામે જંગી ધરણાંનો કાર્યક્રમનું આયોજન

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા(SBI)ના ૪૫ કરોડ ખાતા ધારકો અને જીવન વીમા નિગમ(LIC) ૩૦ કરોડ પોલીસી ધારકોના થયેલા નુકસાન માટે કેન્દ્રની મોદી સરકારના મિત્રકાળ-મળતિયા ઉદ્યોગપતિઓને વિશેષ તરફેણને ખુલ્લી પાડવા તારીખ ૬ માર્ચ ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ ધરણા-પ્રદર્શન કાર્યકમની જાહેરાત કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખશ્રી જગદીશ ઠાકોરએ જણાવ્યું હતું કે તારીખ ૦૬ માર્ચ ૨૦૨૩ને સોમવારના રોજ સવારે ૧૧ કલાકે ૩૩ જીલ્લા- ૮ મહાનગરોમાં આવતા તમામ નગરપાલિકા તથા તાલુકા મથકે આવેલી એલઆઈસી અને રાષ્ટ્રીયકૃત બેંકની ઓફીસની સામે જંગી ધરણાંનો કાર્યકમનું આયોજન કરવામાં આવ્યું છે. મોદી સરકારની ઉદ્યોગપતિઓને ઉદ્યોગગૃહોને અપાયેલા લુંટના પરવાનાના લીધે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા અને જીવન વીમા નિગમ (LIC) કઈ રીતે લુંટાઈ છે તે બાબત જનતા સમક્ષ ખુલ્લી મુકાશે.

સમગ્ર દેશ ખાસ કરીને સામાજિક મધ્યમ વર્ગ મોદી સરકારની રીતિ અને નીતિઓથી ચિંતિત છે. સામાન્ય-મધ્યમ વર્ગના માણસની મહેનતની બચતના ખર્ચે તેમના નજીકના મિત્રો અને પસંદગીના અબજોપતિઓને ફાયદો થાય તેવી નીતિ અપનાવી રહી છે.

તાજેતરના હિંડનબર્ગ રિપોર્ટે અદાણીની તરફેણમાં ભાજપ સરકારની ક્રોની કેપિટલીઝમની નીતિને છતી કરી છે. આર્થિક સંકટના સમયે, રાષ્ટ્રની જાહેર સંસ્થાઓ - મિલકતોને અદાણી જૂથને વેચી રહ્યા છે, એસબીઆઈ અને એલઆઈસી જેવી જાહેર સંસ્થાઓને રોકાણ કરવા દબાણ કરી રહ્યા છે. કોંગ્રેસ પાર્ટી ક્યારેય કોઈ ખાસ ભારતીય કોર્પોરેટ હાઉસની વિરુદ્ધ નથી રહી, અમે ક્રોની કેપિટાલાસિમની વિરુદ્ધ છીએ અને પસંદ કરેલા અબજોપતિઓને લાભ આપવા માટેના નિયમો બદલવાના વિચારની વિરુદ્ધ છીએ. કોંગ્રેસ પક્ષ હંમેશા ગરીબ અને સામાન્ય માણસની પડખે ઊભો રહ્યો છે અને રહેશે. કોંગ્રેસ પક્ષ કરોડો ભારતીયોના મહેનતની કમાણી કરેલી બચતને જોખમમાં મૂકીને બજાર મૂલ્ય ગુમાવતી કંપનીઓમાં રોકાણના મુદ્દા પર ચર્ચા શરૂ કરવા માટે સંસદથી સડક સુધી લડી રહ્યો છે.( ડૉ. મનિષ એમ. દોશી)

# શાળામાં ભૂતનો પડછાયો' કહી ભુવાએ ૧૪૦ વિદ્યાર્થીનીઓ પર વિધિ કરી

સુરત,તા.૩

ગુજરાતનું શિક્ષણ પહેલેથી જ બદનામ છે. ગુજરાતમાં શિક્ષણના નામે વેપારીકરણના અનેકવાર વિરોધ થયા છે. ત્યારે હવે ગુજરાત સરકાર વિવિધ નિર્ણયો અને સુધારા કરીને પોતાની છબી સુધારવાનો પ્રયાસ કરી રહી છે. છતાં સરકારી શાળાઓમાં ચાલતા ધતિંગ બંધ થઈ રહ્યા નથી. ગુજરાતમાં શિક્ષણના ધામમાં અંધશ્રદ્ધાની ઘટના સામે આવી છે. તાજેતરમાં જ શાળામાં લંપટ ગુરુ આસારામની આરતી ઉતારવાની ઘટના તાજી જ છે. ત્યાં સુરતમાં જિલ્લાની શાળામાં અંધશ્રદ્ધાની ઘટના સામે આવી છે. બારડોલીની એક શાળામાં ભુવો બોલાવવામા આવ્યો હતો. એટલુ જ નહિ ભુવાએ ૧૪૦ વિદ્યાર્થીનીઓ પર વિધિ કરી હતી. બારડોલીના મઢી ગામની વાત્સલ્યધામ આશ્રમ શાળાની આ ઘટના છે. જેમાં એકસાથે વધુ વિદ્યાર્થીનીઓની તબિયત બગડતાં શાળા સંચાલકોએ ડોક્ટરની જગ્યાએ ભૂવાને બોલાવ્યો હતો. ભૂવાએ શાળામાં ભૂતનો પડછાયો હોવાનું કહીને વિધિ કરી હતી. એટલું જ નહિ, ધોરણ ૯ થી ૧૨ માં ભણતી ૧૪૦ વિદ્યાર્થીઓને પીંછી નાંખી હાથમાં લાલ દોરો બાંધ્યો હતો.

શિક્ષણના ધામમાં આ રીતે વ્યાપેલી અંધશ્રદ્ધા કેટલી યોગ્ય. શાળામાં વિદ્યાર્થીનીઓની તબિયત બગડી હોય તો ભુવાને ડોક્ટરોને કેમ ન બોલાવવામાં આવ્યા. આવામાં જો વિદ્યાર્થીનીઓની તબિયત બગડે તો કોણ જવાબદાર. શું શાળાઓ આ રીતે બાળકોને અંધશ્રદ્ધાના પાઠ ભણાવશે. શું ગુજરાતનું ભવિષ્ય આવું અંધશ્રદ્ધાવાળું રહેશે.

# સાબરકાંઠા ખરીદ વેચાણ સંઘની ચુંટણી દરમિયાન ભાજપના મેન્ડેટનો અનાદર કરવાને લઈ ૨ પદાધીકારીઓને ભાજપમાંથી સસ્પેન્ડ

હિંમતનગર,તા.૩

સાબરકાંઠા ખરીદ વેચાણ સંઘની ચુંટણી દરમિયાન ભાજપના મેન્ડેટનો અનાદર કરવાને લઈ ૨ પદાધીકારીઓને ભાજપમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. ભાજપે કાન્તિભાઈ પટેલ અને બાબુભાઈ પટેલ એમ બે પદાદિકારીઓને ભાજપમાંથી બહાર કરી દીધા છે. કાન્તિભાઈ પટેલ જિલ્લા પંચાયતની બાંધકામ સમિતિના ચેરમેન પદને સંભાળી રહ્યા છે. ભાજપ દ્વારા સહકારી સંસ્થાઓની ચુંટણીઓમાં મેન્ડેટની પ્રથાની શરુઆત કરવામાં આવી છે. સાબરકાંઠા ખરીદ વેચાણ સંઘની ચુંટણી થનારી હોવાને લઈ આ માટે ભાજપે મેન્ડેટ ઉમેદવારોને લઈ આપ્યા હતા.આગામી ૫ માર્ચે સાબરકાંઠા ખરીદ વેચાણ સંઘની ચુંટણી યોજાનારી છે. ડિરેક્ટર પદ માટેની ચુંટણીને લઈ હાલમાં માહોલ ગરમાવા ભર્યો છે. અત્યાર સુધીમાં પ્રથમવાર સંઘની ચુંટણીને લઈ માહોલ રસાકસી જેવો બન્યો છે. જેમાં કેટલાક રાજકીય આગેવાનોએ પણ ઝૂકાવ્યુ છે. જોકે આ પદ પર ચુંટાઈ આવવાના મોહમાં ૨ ઉમદવારોએ ભાજપના મેન્ડેટની પણ ઐસીતૈસી કરી હતી. જોકે આકરા પાણીએ રહેલ ભાજપે પણ તેમને સીધો જ બહારનો રસ્તો દેખાડ્યો છે.સાબરકાંઠા જિલ્લા પંચાયતની બાંધકામ સમિતિના ચેરમેન કાન્તિભાઈ મંછાભાઈ પટેલને ભાજપ પક્ષના પ્રાથમિક સભ્ય પદેથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. તેઓને સાબરકાંઠા ખરીદ વેચાણ સંઘની ચૂંટણી માટે મેન્ડેટ નહોતુ અપાયુ આમ છતાં તેઓએ પોતાની ઉમેદવારી ચાલી રાખી હતી. જેને લઈ ભાજપે તેમને પક્ષમાંથી બહારનો રસ્તો દેખાડવાનો નિર્ણય કર્યો હતો. આ માટે પત્ર લખીને તેમને સસ્પેન્ડ કર્યાની જાણ કરી હતી.કાન્તિભાઈ મહત્વના હોદ્દા પર જિલ્લા પંચાયતમાં બિરાજતા હોવા છતાં તેમનો ખરીદ વેચાણ સંઘમાં ચુંટણી લડવાનો મોહ છૂટ્યો નહોતો. જેને લઈ તેઓએ આખરે ભાજપથી બહાર થવુ પડ્યુ છે. હવે જિલ્લા પંચાયતનુ ચેરપદ પણ ગુમાવવુ પડશે. આમ ડિરેક્ટર બનવાની લહાયમાં મહત્વનો હોદ્દો ગુમાવવો પડી શકે છે. કાન્તિભાઈ મહોર જિલ્લા પંચાયત બેઠક પરથી ચુંટાઈને જિલ્લા પંચાયતના સભ્ય બન્યા હતા અને તેમને ચેરમેન પદ મળ્યુ હતુ.જિલ્લા ભાજપ પ્રમુખ જેડી પટેલે પ્રદેશ અધ્યક્ષ સીઆર પાટિલની સૂચના મુજબ બંને ઉમેદાવારોને સસ્પેન્ડ કરવાનો આદેશ કર્યો હતો. જે મુજબ કાન્તિભાઈ પટેલની સાથે તલોદ નગરપાલિકાના પૂર્વ ચેરમેન અને સ્થાનિક સહકારી સંસ્થાઓમાં સ્થાન ધરાવતા બાબુભાઈ પટેલને સસ્પેન્ડ કર્યા હતા. ભાજપે રાકેશ પટેલના નામનુ મેન્ડેટ જાહેર કરવા છતાં બાબુભાઈ પટેલે પોતાની ઉમેદવારી જાહેર કરી હતી. આમ હવે તેઓ ભાજપ પક્ષમાંથી સસ્પેન્ડ થઈ ચુક્યા છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK